સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS




CLIMATE CHANGE INDEX 2019



અનામત માટે બંધારણીય (124મા) સુધારા



GST કાઉન્સિલ

Pravasi Bharatiya Divas

15th પ્રવાસી ભારતીય સંમેલન



અરૂણિમા સિન્હા એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વતને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ

**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)

[JAN - 2019]
(06/01 to 12/01)

# WEEK-02

CURRENT

- **MSMEના પુનરુત્થાન માટે શ્રી યુ.કે.સિન્હા સમિતિની રચના**
- **IMFના પ્રથમ મહિલા ચીફ ઈકોનોમિસ્ટ**
- ભારતના વૃદ્ધિ દર અંગે CSOનો વર્ષ 2018-19નો અંદાજ
- સવર્ણોને10ટકા અનામત માટે બંધારણીય (124મા) સુધારા (પ્રસ્તાવ) વિધેયક 2019 લોકસભા અને રાજ્યસભામાં પસાર
- ત્રણ એઈમ્સ (રાજકોટ, વિજયનગર, અવંતીપુરા)ને કેબિનેટની મંજૂરી


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## 06 JANUARY, 2019 SUNDAY

### a BeiDou નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ




અમેરિકાની GPS (Global Positioning System)ની સ્પર્ધા માટે ચીનની BeiDou નામની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમે વૈશ્વિક સેવા આપવાનું શરૂ કરી દીધું છે.

- આ અંતર્ગત પાકિસ્તાન ચીનની BeiDou સિસ્ટમ અપનાવવા વાળો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.
- અને આ સાથે જ અમેરિકાની GPS સિસ્ટમ પરની પાકિસ્તાનની નિર્ભરતા સમાપ્ત થઈ ગઈ છે.
- આ અગાઉ ભારત પણ અમેરિકાની GPS સિસ્ટમ પર નિર્ભર હતું. પરંતુ ભારતે પોતાની નેવિગેશન સિસ્ટમ વિકસાવી લીધી છે, જ્યારે પાકિસ્તાન આ માટે હવે ચીન પર નિર્ભર થઈ ગયું છે.

#### ચાર વૈશ્વિક GNSS સિસ્ટમ

વૈશ્વિક સ્તરે સેવા આપનાર ચાર GNSS સિસ્ટમ (Global Navigation Satellite System) ના નામ આ પ્રમાણે છે :

**વૈશ્વિક GNSS સિસ્ટમ**

| ક્રમ | દેશ | નામ |
|---|---|---|
| 1 | અમેરિકા | GPS |
| 2 | રશિયા | GLONASS |
| 3 | યુરોપિયન યુનિયન | GALILEO |
| 4 | ચીન | BeiDou |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### બે ક્ષેત્રીય નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ

ઉપરોક્ત ચાર વૈશ્વિક GNSS સિસ્ટમ ઉપરાંત જાપાન અને ભારત પાસે પણ પોતાની ક્ષેત્રીય નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ છે.

- જેમાં જાપાનની NSS સિસ્ટમ QZSS તરીકે ઓળખાય છે.
- જ્યારે ભારતની NSS સિસ્ટમ IRNSS અથવા NAVIC તરીકે ઓળખાય છે.

**નોંધ :** (1) IRNSSનું પૂરું નામ 'Indian Regional Navigation Satellite System' છે.

(2) NAVICનું પૂરું નામ 'NAVigation with Indian Constellation' છે.

(3) નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ (NSS)નો ઉપયોગ ઉપગ્રહની મદદથી પૃથ્વી પરની કોઈ વસ્તુનું લોકેશન જાણવા માટે તથા પૃથ્વી પરની કોઈ હિલચાલ પર નજર રાખવા માટે થાય છે.

(4) ભારતની IRNSS અથવા તો NAVIC નામની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમથી સમગ્ર ભારત ઉપરાંત ભારતની સરહદથી 1500 કિમી સુધીના ભારત બહારના વિસ્તારો પર નજર રાખી શકાય છે.

## a ઉજ્જવલા સ્વચ્છતા નેપકિન યોજના (Ujjwala Sanitary Napkins Initiative)

ભારતમાં <u>IOCL, BPCL અને HPCL</u> નામની ત્રણ <u>ઓઈલ કંપનીઓ</u> દ્વારા <u>ઓડિશા</u>માં <u>'ઉજ્જવલા સ્વચ્છતા નેપકિન યોજના'</u> શરૂ કરવામાં આવી છે.

### આ યોજનાનો ઉદ્દેશ

કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સિબિટી અંતર્ગત ત્રણ ઓઈલ કંપનીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજનાના મુખ્ય ત્રણ ઉદ્દેશો છે :

(1) સ્વચ્છતા અને સ્વાસ્થ્યની બાબતમાં સ્ત્રીઓને શિક્ષિત કરવી.

(2) ઓછી કિંમતના ઈકો ફ્રેન્ડલી સેનિટરી પેડની ઉપલબ્ધતામાં વધારો કરવો અને

(3) ગ્રામીણ રોજગારી અને અર્થતંત્રને પ્રોત્સાહન આપવું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### IOCL, BPCL અને HPCLના પૂરા નામ

IOCL, BPCL અને HPCLના પૂરા નામ આ પ્રમાણે છે :

(1) **IOCL : Indian Oil Corporation Limited**

(2) **BPCL : Bharat Petroleum Corporation Limited**

(3) **HPCL : Hindustan Petroleum Corporation Limited**

1st JULY TO 31st DEC સુધીનું છેલ્લા 6 માસનું સંપૂર્ણ કરન્ટ અફેર્સ

અર્ધવાર્ષિક કરન્ટ અફેર્સ

ICE® MAGIC


ગુજરાત, ભારત અને વિશ્વની મહત્ત્વની ઘટનાઓનો સમાવેશ

વર્તમાન પ્રવાહો વિશેની ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી માહિતી

કરન્ટ અફેર્સના 1100+ પ્રશ્ન જવાબો

વર્તમાન પ્રવાહોની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી

GPSC 1/2, P.I./PSI/CONSTABLE, Dy. MAMLATDAR, બિનસચિવાલય કલાર્ક, તલાટી વગેરે...
તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક




Available at amazon

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ CALL : 93753-01110


## a Climate Change Performance Index 2019

તાજેતરમાં જાહેર થયેલા 'ક્લાયમેટ ચેન્જ પરફોર્મન્સ ઈન્ડેક્ષ' 2019માં યુરોપિયન યુનિયન ઉપરાંત અન્ય 56 દેશોમાં ભારત 11મા ક્રમે છે.

- જ્યારે વર્ષ 2018ના આ ઈન્ડેક્ષમાં ભારત 14મા ક્રમે હતું.
- વર્ષ 2019ના આ રેન્કિંગમાં ઉચ્ચ માપદંડને કારણે પ્રથમ ત્રણ ક્રમમાં એક પણ દેશનો સમાવેશ થયો નથી.
- ત્યારબાદ સ્વીડન ચોથા, મોરોક્કો પાંચમા અને લીથુઆનિયા છઠ્ઠા ક્રમે છે.
- આ ઈન્ડેક્ષમાં સાઉદી અરેબિયા અંતિમ 60મા ક્રમે છે.

**Climate Change Performance Index (CCPI) 2019**


| ક્રમ | દેશ |
|---|---|
| 1 | - |
| 2 | - |
| 3 | - |
| 4 | સ્વીડન |
| 5 | મોરોક્કો |
| 6 | લીથુઆનિયા |
| 11 | ભારત |
| 58 | ઈરાન |
| 59 | અમેરિકા |
| 60 | સાઉદી અરેબિયા |




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ :(1) CCPI એ ઈન્ટરનેશનલ ક્લાયમેટ પોલિટિકસમાં પારદર્શિતા લાવવા માટેનું એક સાધન છે.
(2) આ ઈન્ડેક્ષનો ઉદ્દેશ આબોહવા સંરક્ષણ અંગે પગલાં લેવામાં નિષ્ફળ રહેલા દેશો પર રાજકીય અને સામાજિક દબાણ લાવવાનો છે.

## a ભારતના પ્રથમ ભાગેડુ આર્થિક અપરાધી



તાજેતરમાં 'ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ' 2018 અંતર્ગત મુંબઈની સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) કોર્ટ દ્વારા વિજય માલ્યાને 'ભાગેડુ આર્થિક અપરાધી' જાહેર કરવામાં આવ્યા છે.

- આ સાથે જ 'ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ' 2018 અંતર્ગત 'ભાગેડુ આર્થિક અપરાધી' જાહેર થનાર વિજય માલ્યા ભારતના પ્રથમ વ્યક્તિ બની ગયા છે.

## FUGITIVE ECONOMIC OFFENDER ACT (FEOA)

આ એક્ટ અંતર્ગત કોને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરી શકાય ?

(1) **રૂ. 100 કરોડથી વધુ**ના અપરાધ માટે જેની સામે **ધરપકડનું વોરન્ટ ઈસ્યુ** થયું હોય.

(2) જેણે દેશ છોડી દીધો હોય અને ન્યાયિક કાર્યવાહી માટે ભારત આવવાનો ઈન્કાર કર્યો હોય.

(3) ફક્ત લોન ડિફોલ્ડર કે ફોડ કરનાર વ્યક્તિઓ જ નહિ પરંતુ ટેક્ષ, કાળુંનાણું, બેનામી સંપત્તિ તથા નાણાકીય ભ્રષ્ટાચાર સંબંધી કાયદાઓના ઉલ્લંઘન માટે પણ આ એક્ટ અંતર્ગત કોઈ વ્યક્તિને ભાગેડુ જાહેર કરી શકાય છે.

### આ એક્ટની અન્ય મહત્ત્વની જોગવાઈ

- **Enforcement Derectorate (ED)** આ એક્ટના અમલ માટેની **સર્વોચ્ચ સંસ્થા** હશે.
- આ એક્ટ અંતર્ગત **વિશેષ અદાલત** દ્વારા ન્યાયિક કાર્યવાહી કરીને કોઈ વ્યક્તિને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરી શકાય છે.
- આ એક્ટ અંતર્ગત ભાગેડુ આર્થિક અપરાધી જાહેર થનાર કોઈપણ વ્યક્તિની **સંપત્તિ જપ્ત કરી શકાશે.**
- ભાગેડુ આર્થિક અપરાધી તરીકે જાહેર થયેલી વ્યક્તિ જયાં સુધી ભારત પરત ફરીને ન્યાયિક કાર્યવાહીનો સામનો ન કરે ત્યાં સુધી તે ભારતમાં **કોઈપણ સિવિલ કેસ દાખલ કરી શકશે નહિ.**

**નોંધ :** સ્પેશિયલ કોર્ટના જજ **શ્રી એમ. એસ. અઝમીએ 'ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ'**ના **સેક્શન 12** અનુસાર વિજય માલ્યાને **'ભાગેડુ આર્થિક અપરાધી'** જાહેર કર્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | તાજેતરમાં ચીનની ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ અપનાવનાર પ્રથમ દેશનું નામ શું છે ?<br>(A) મ્યાનમાર (B) શ્રીલંકા (C) પાકિસ્તાન (D) નેપાળ | (C) |
| 2. | ચીનની ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ કયા નામે ઓળખાય છે ?<br>(A) BeiDou (B) FangDou (C) ZengDou (D) ChangDou | (A) |
| 3. | ભારતની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ કયા નામે ઓળખાય છે ?<br>(A) IRS અથવા NAVIC (B) IRSS અથવા NAVIC<br>(C) IRNS અથવા NAVIC (D) IRNSS અથવા NAVIC | (D) |
| 4. | IRNSSનું પૂરું નામ શું છે ?<br>(A) Indian Regional Satellite System<br>(B) Indian Regional Navigation Satellite System<br>(C) Indian Regional Navy Satellite System<br>(D) Indian Region Navigation Satellite System | (B) |

| | | |
|---|---|---|
| 5. | ભારતની નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ NAVICની ભારતની સરહદથી બહારના વિસ્તારો માટેની રેન્જ કેટલા કિમી સુધીની છે ?<br>(A) 1500 (B) 2000 (C) 2500 (D) 5000 | (A) |
| 6. | તાજેતરમાં ભારતની ત્રણ ઓઈલ કંપનીઓ દ્વારા ભારતમાં 'ઉજ્જવલા સ્વચ્છતા નેપકિન યોજના' શરૂ કરવામાં આવી છે. આ ત્રણ ઓઈલ કંપનીઓમાં નીચેનામાંથી કઈ કંપનીનો સમાવેશ થતો નથી ?<br>(A) ONGC (B) IOCL (C) BPCL (D) HPCL | (C) |
| 7. | તાજેતરમાં IOCL, BPCL અને HPCL દ્વારા ભારતના કયા રાજ્યમાં 'ઉજવલા સેનિટરી નેપકિન યોજના' શરૂ કરવામાં આવી છે ?<br>(A) કેરળ (B) કર્ણાટક (C) આસામ (D) ઓડિશા | (D) |
| 8. | તાજેતરમાં જાહેર થયેલા ક્લાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્ષ 2019 અથવા તો CCPI ઈન્ડેક્ષ 2019માં ભારત કયા ક્રમે છે ?<br>(A) 11મા (B) 14મા (C) 22મા (D) 24મા | (A) |
| 9. | તાજેતરમાં જાહેર થયેલા CCPI ઈન્ડેક્ષ 2019માં અંતિમ 60મા ક્રમે કયો દેશ છે ?<br>(A) અમેરિકા (B) ઈરાન<br>(C) સાઉદી અરેબિયા (D) યુનાઈટેડ આરબ અમિરાત | (C) |
| 10. | તાજેતરમાં ભારતમાં વિજય માલ્યાને કયા એક્ટ અંતર્ગત ભારતના પ્રથમ ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યા છે ?<br>(A) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (B) ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ<br>(C) પ્રિવેન્શન ઓફ મની એક્ટ (D) ફ્યુજિટીવ મની લોન્ડરિંગ એક્ટ | (B) |
| 11. | ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ અંતર્ગત કેટલા રૂપિયાથી વધુના અપરાધ માટે કાર્યવાહી થઈ શકે છે ?<br>(A) 10 કરોડ (B) 25 કરોડ (C) 50 કરોડ (D) 100 કરોડ | (D) |
| 12. | ફ્યુજિટીવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટના અમલ માટેની સર્વોચ્ચ સંસ્થા કઈ છે ?<br>(A) નાણા મંત્રાલય (B) SEBI (C) ED (D) RBI | (C) |
| 13. | મુંબઈની સ્પેશિયલ કોર્ટના કયા જજે વિજય માલ્યાને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કર્યા છે ?<br>(A) શ્રી એમ. એસ. અઝમી (B) શ્રી આર. એસ. લોઢા<br>(C) શ્રી એમ. એન. કાઝી (D) શ્રી આર. કે. મજમુદાર | (A) |
| 14. | તાજેતમાં મુંબઈની કઈ અદાલત દ્વારા વિજય માલ્યાને ભાગેડુ આર્થિક અપરાધી જાહેર કરવામાં આવ્યા છે ?<br>(A) સ્પેશિયલ મની કોર્ટ (B) પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટ<br>(C) પ્રિવેન્શન કોર્ટ (D) મુંબઈ હાઈકોર્ટ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**07 JANUARY, 2019 MONDAY**

## a ખેલ મહાકુંભ 2018માં અમદાવાદ શહેર પ્રથમ




તાજેતરમાં 5 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં ગુજરાતના **ભાવનગર** ખાતે ખેલ મહાકુંભ 2018નો **સમાપન સમારોહ** યોજાયો હતો.

- ખેલ મહાકુંભ 2018માં **34 રમતો** માટે સ્પર્ધા યોજાઈ હતી.
- જેમાં સમગ્ર ગુજરાતમાં મેડલ ટેબલમાં **અમદાવાદ શહેર પ્રથમ** ક્રમે રહયું છે.
- અમદાવાદ બાદ **સુરત** અને **વડોદરા શહેર** અનુક્રમે **બીજા** અને **ત્રીજા** ક્રમે છે.

**નોંધ :** (1) ગુજરાતમાં **20 ડિસેમ્બર, 2010**ના રોજ **અમદાવાદ** ખાતેથી ખેલ મહાકુંભનો પ્રારંભ થયો હતો.
(2) ખેલ મહાકુંભનું સ્લોગન **'રમશે ગુજરાત... જીતશે ગુજરાત...'** છે.
(3) ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ** અંતર્ગત **સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત** દ્વારા ગુજરાતમાં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.
(4) અત્યાર સુધી **નવ વખત** યોજાયેલા ખેલ મહાકુંભમાંથી **અમદાવાદ શહેર આઠ વખત** સ્ટેટ ચેમ્પિયન બન્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## a મહિલા પોલીસ સ્વયંસેવક

ભારત સરકારના **ગૃહ મંત્રાલય**ના સહયોગથી ભારતના **મહિલા અને બાળ વિકાસ મંત્રાલય** દ્વારા ભારતના તમામ રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં **દેશભરની તમામ ગ્રામપંચાયતોમાં એક મહિલા પોલીસ સ્વયંસેવક**ની નિમણૂક કરવામાં આવશે.

- આ મહિલા સ્વયંસેવક **પોલીસ અને મહિલાઓ વચ્ચે કડીરૂપ** ભૂમિકા નિભાવશે તથા સંકટગ્રસ્ત મહિલાઓને મદદ કરશે.
- વર્ષ **2016-17** દરમિયાન પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ **હરિયાણા**ના **કરનાલ અને મહેન્દ્રગઢ** જિલ્લાઓમાં **'નિર્ભયા ફંડ'** અંતર્ગત આ યોજના શરૂ કરવામાં આવી હતી.

### મહિલા પોલીસ સ્વયંસેવક બનવા માટેની લાયકાત

(1) તેમની **ઓછામાં ઓછી ઉંમર 21 વર્ષ** તથા **ઓછામાં ઓછો અભ્યાસ ધોરણ 12 પાસ** સુધીનો હોવો જોઈએ.
(2) તેમનો કોઈ **ગુનાહિત રેકોર્ડ** ન હોવો જોઈએ.
(3) તેઓ કોઈ **રાજકીય પક્ષ**ના સભ્ય ન હોવા જોઈએ.
(4) તેઓ **સ્થાનિક ક્ષેત્ર**માંથી હોવા જોઈએ તથા **સ્થાનિક ભાષા તથા બોલી**થી પરિચિત હોવા જોઈએ.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

**મહિલા પોલીસ સ્વયંસેવકની કામગીરી**

- મહિલા પોલીસ સ્વયંસેવકનું મુખ્ય કાર્ય મહિલાઓ વિરુદ્ધ થતી ઘરેલુ હિંસા, બાળ વિવાહ, દહેજ પ્રથા તથા જાહેર સ્થળોએ મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા અંગે રિપોર્ટ કરવાનું છે.
- તેઓ પોલીસ સ્ટેશનમાં ડાયરેક્ટ સર્કલ ઈન્સ્પેક્ટર અથવા તો ઈન્ચાર્જ અધિકારીને રિપોર્ટ કરશે.
- મહિલા પોલીસ સ્વયંસેવક “મહિલા અને બાળ રક્ષક દળ”નું નિર્માણ કરશે.

**નોંધ :** (1) મહિલા પોલીસ સ્વયંસેવકને પ્રતિમાસ રૂ. 1000 પગાર આપવામાં આવશે.

(2) તાજેતરમાં ગુજરાત ઉપરાંત આંધ્રપ્રદેશ, મિઝોરમ, છત્તીસગઢ, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં આ યોજના શરૂ કરવાના પ્રસ્તાવને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## a National Health Agency ના પુનર્ગઠનની મંજૂરી

તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)ના શ્રેષ્ઠ અમલ માટે ભારતમાં National Health Agencyના પુનર્ગઠનની મંજૂરી આપવામાં આવી છે.

National Health Agency

- આ અંતર્ગત National Health Agencyનું સ્થાન National Health Authority લેશે.
- અને ભારતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ હશે.



# ICE Questions

**1.** તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ 2018નો સમાપન સમારોહ કયાં યોજાયો હતો ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) રાજકોટ (D) ભાવનગર
**(D)**

**2.** ખેલ મહાકુંભ 2018માં સૌથી વધુ મેડલ વિજેતા શહેરનું નામ શું છે ?
(A) સુરત (B) વડોદરા (C) અમદવાદ (D) રાજકોટ
**(C)**

**3.** ગુજરાતમાં ખેલ મહાકુંભનો પ્રારંભ કયારથી થયો હતો ?
(A) 2009 (B) 2010 (C) 2011 (D) 2012
**(B)**

**4.** ગુજરાતમાં ખેલ મહાકુંભનું આયોજન કોના દ્વારા થાય છે ?
(A) ગુજરાત સ્પોર્ટ્સ એસોસિયેશન (B) ગુજરાત સ્પોર્ટ્સ ટ્રસ્ટ
(C) સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (D) સ્પોર્ટ્સ એસોસિયેશન ઓફ ગુજરાત
**(C)**

**5.** તાજેતરમાં કેન્દ્ર સરકારે બનાવેલી યોજના અનુસાર ભારતમાં પોલીસ અને મહિલા વચ્ચે કડી રૂપ ભૂમિકા માટે ભારતની તમામ ગ્રામ પંચાયતોમાં કયા પોલીસ કર્મચારીની નિમણૂક કરવામાં આવશે ?
(A) પોલીસ મિત્ર (B) મહિલા પોલીસ મિત્ર
(C) મહિલા પોલીસ (D) મહિલા પોલીસ સ્વયંસેવક
**(D)**

**6.** ભારત સરકારના કયા વિભાગ દ્વારા 'મહિલા પોલીસ સ્વયંસેવક'ની યોજના બનાવવામાં આવી છે ?
(A) ગૃહ મંત્રાલય (B) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(C) સંરક્ષણ મંત્રાલય (D) A અને B બંને
**(D)**

**7.** 'નિર્ભયા ફંડ' અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે ભારતના કયા રાજ્યમાં સૌપ્રથમ વખત 'મહિલા પોલીસ સ્વયંસેવક'ની નિમણૂક કરવામાં આવી હતી ?
(A) હિમાચલ પ્રદેશ (B) હરિયાણા (C) પંજાબ (D) દિલ્હી
**(B)**

**8.** તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)ના શ્રેષ્ઠ અમલ માટે શેના પુનર્ગઠનની મંજૂરી આપવામાં આવી છે ?
(A) નેશનલ હેલ્થ ઓથોરિટી (B) હેલ્થ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
(C) નેશનલ હેલ્થ એજન્સી (D) હેલ્થ એજન્સી ઓફ ઈન્ડિયા
**(C)**

**9.** પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)ના શ્રેષ્ઠ અમલ માટે ભારતમાં 'નેશનલ હેલ્થ એજન્સી'નું પુનર્ગઠન કરીને તેના સ્થાને કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવશે ?
(A) હેલ્થ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (B) નેશનલ હેલ્થ ઓથોરિટી
(C) હેલ્થ ઈન્ડિયા સોસાયટી (D) PM-JAY હેલ્થ એજન્સી
**(B)**

**10.** નવી રચાનાર 'નેશનલ હેલ્થ ઓથોરિટી'ની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ કોણ હશે ?
(A) પ્રધાનમંત્રી (B) રાષ્ટ્રપતિ (C) નીતિ આયોગના ઉપાધ્યક્ષ
(D) ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 08 JANUARY, 2019 TUESDAY

## a દિવસ મહિમા : 8 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ

## a ગ્લોબલ સોલાર કાઉન્સિલના પ્રથમ ભારતીય અધ્યક્ષ



**નેશનલ સોલાર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયા**ના અધ્યક્ષ **શ્રી પ્રણવ આર. મહેતા**ની તાજેતરમાં **Global Solar Council**ના **અધ્યક્ષ** તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે જ **શ્રી પ્રણવ આર. મહેતા** ગ્લોબલ સોલાર કાઉન્સિલના અધ્યક્ષ બનનાર **પ્રથમ ભારતીય** બની ગયા છે.

### Global Solar Council

ગ્લોબલ સોલાર કાઉન્સિલ એ ઈન્ટરનેશનલ Non-Profit એસોસિએશન છે.

- તેનું વડું મથક **અમેરિકા**ના **વોશિંગ્ટન ડી.સી.** ખાતે આવેલું છે.
- યુનાઈટેડ નેશન્સ ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ (UN COP 21) બાદ તેની સ્થાપના થઈ હતી.

## a 39મો સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ 2019



તાજેતરમાં 1 થી 13 જાન્યુઆરી, 2019 દરમિયાન ગુજરાતમાં **અમદાવાદ**ની **એલ. ડી. આર્ટ્સ કોલેજ (Old - અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ કેમ્પસ)** ખાતે **સપ્તક**ના **39મા** વાર્ષિક **શાસ્ત્રીય સંગીત મહોત્સવ**નું આયોજન થયું છે.

- સપ્તક મ્યુઝિક ફેસ્ટિવલ એ **ફક્ત ગુજરાત જ નહિ** પરંતુ **ભારતના સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રતિષ્ઠિત સંગીત સમારોહ**માંનો એક છે.
- **ભારતીય શાસ્ત્રીય સંગીત**માં આ સમારોહનું વિશિષ્ટ યોગદાન છે.

### સપ્તકનું આયોજન કોના દ્વારા થાય છે ?

**સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક** દ્વારા દર વર્ષે **1 થી 13 જાન્યુઆરી** દરમિયાન આ **13 દિવસીય** શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન કરવામાં આવે છે.

### સપ્તકનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

પ્રસિદ્ધ **તબલા વાદક પંડિત નંદન મહેતા** અને અન્ય વ્યક્તિઓના સહયોગથી **ઈ.સ. 1980**થી તેનો પ્રારંભ થયો હતો.

**નોંધ :** (1) તાજેતરમાં યોજાયેલા આ સપ્તક શાસ્ત્રીય સમારોહમાં પંડિત હરિપ્રસાદ ચૌરસિયા, પંડિત બિરજુ મહારાજ, શ્રી ઝાકિર હુસૈન, પંડિત વિશ્વ મોહન ભટ્ટ, શ્રીમતી શ્વેતા ઝવેરી, શ્રીમતી શુભા મુદ્ગલ વગેરે જેવા દિગ્ગજ સંગીતકારો ભાગ લઈ રહયા છે.


(2) છેલ્લા 38 વર્ષથી આ સમારોહની એક પણ ટિકિટ વેચવામાં આવી નથી, ફક્ત Invitation દ્વારા જ આ સમારોહમાં એન્ટ્રી આપવામાં આવે છે.

## a MSMEના પુનરુત્થાન માટે શ્રી યુ. કે. સિન્હા સમિતિની રચના

ભારતમાં Micro, Small and Medium Enterprises (MSME) એટલે કે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના પુનરુત્થાન માટે SEBIના પૂર્વ અધ્યક્ષ શ્રી યુ. કે. સિન્હાની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે.

- સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની નાણાકીય સ્થિતિને લાંબાગાળે મજબૂત બનાવવા માટે સૂચનો આપવા RBI દ્વારા આ સમિતિની રચના કરવામાં આવી છે.
- શ્રી યુ. કે. સિન્હાની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિમાં કુલ 8 સભ્યો હશે.
- આ સમિતિ જૂન 2019 સુધીમાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## a અરૂણિમા સિન્હા એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વતને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહક

તાજેતરમાં 4 જાન્યુઆરી 2019ના રોજ ભારતના મહિલા પર્વતારોહક અરૂણિમા સિન્હાએ એન્ટાર્કટિકા પર્વતનો સૌથી ઊંચો પર્વત 'માઉન્ટ વિન્સન' સર કરી લીધો છે.

- આ સાથે જ અરૂણિમા સિન્હા એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વતને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહક બની ગયા છે.
- આ અગાઉ અરૂણિમા સિન્હા 2013માં માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહક બન્યા હતા.

### અરૂણિમા સિન્હા

અરૂણિમા સિન્હાનો જન્મ 20 જુલાઈ, 1988ના રોજ ઉત્તરપ્રદેશના આંબેડકર નગર ખાતે થયો હતો.

- અરૂણિમા સિન્હા અગાઉ નેશનલ વોલીબોલ પ્લેયર હતા.
- વર્ષ 2011માં એક દુર્ઘટનાને કારણે તેમના એક પગમાં બહુ મોટી ઈજા થઈ હતી.
- આ ઈજા બાદ પણ અરૂણિમા સિન્હાએ અસાધારણ હિંમત રાખીને વિશ્વના તમામ ખંડોના સૌથી ઊંચા પર્વતો સર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.
- આ અંતર્ગત અરૂણિમા સિન્હાએ અત્યાર સુધીમાં માઉન્ટ એવરેસ્ટ, માઉન્ટ કિલિમંજારો, માઉન્ટ એલ્બ્રુસ, માઉન્ટ કોસિઉઝકો તથા માઉન્ટ અકોન્કાગુઆ સર કરી લીધા છે.

### અરૂણિમા સિન્હાને એનાયત થયેલા પુરસ્કારો

અરૂણિમા સિન્હાને એનાયત થયેલા પુરસ્કારોમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

(1) પદ્મ શ્રી, 2015 (2) તેનજિંગ નોર્ગે એડવેન્ચર એવોર્ડ, 2015
(3) ફર્સ્ટ લેડી એવોર્ડ, 2016

નોંધ : એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વત માઉન્ટ વિન્સનની ઊંચાઈ આશરે 4,892 મીટર (અથવા તો 16,050 ફૂટ) છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ ટાઈપિંગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી | (B) |
| 2. | ગ્લોબલ સોલાર કાઉન્સિલ (અથવા તો વૈશ્વિક સોલાર પરિષદ)ના પ્રથમ ભારતીય અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી પ્રણોય એસ. રાવ (B) શ્રી પ્રણવ બી. દવે<br>(C) શ્રી પ્રણવ આર. મહેતા (D) શ્રી યુ. કે. સિન્હા | (C) |
| 3. | તાજેતરમાં શાસ્ત્રીય સંગીત અંગેનો સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલ 2019 કયાં યોજાયો હતો ?<br>(A) એલ. ડી. આર્ટ્સ કોલેજ, અમદાવાદ<br>(B) અમૃત મોદી સ્કૂલ ઓફ મેનેજમેન્ટ કેમ્પસ, અમદાવાદ<br>(C) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (D) A અને B બંને | (D) |
| 4. | તાજેતરમાં જાન્યુઆરી 2019 દરમિયાન ગુજરાતના અમદાવાદ ખાતે કેટલામો સપ્તક મ્યુઝિક ફેસ્ટિવલ યોજાયો હતો ?<br>(A) 36મો (B) 37મો (C) 38મો (D) 39મો | (D) |
| 5. | ગુજરાતના અમદાવાદ ખાતે તાજેતરમાં યોજાયેલ સપ્તક એન્યુઅલ મ્યુઝિક ફેસ્ટિવલની વિશેષતાના સંદર્ભમાં નીચનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?<br>1. દર વર્ષે 1 થી 13 જાન્યુઆરી દરમિયાન 13 દિવસ માટે આ સમારોહ યોજાય છે.<br>2. સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા તેનું આયોજન થાય છે.<br>3. તાના–રીરીની યાદમાં આ મહોત્સવ યોજાય છે.<br>4. પ્રસિદ્ધ તબલા વાદક પંડિત નંદન મહેતા દ્વારા 1980માં તેનો પ્રારંભ થયો હતો.<br>(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 | (C) |
| 6. | ભારતમાં MSME (અથવા તો સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો)ના પુનરુત્થાન માટે તાજેતરમાં RBI દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે ?<br>(A) શ્રી પ્રણવ આર. મહેતા (B) શ્રી યુ. કે. સિન્હા (C) શ્રી આર. કે. મહેતા (D) શ્રી એન. કે. દવે | (B) |
| 7. | એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વતને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહકનું નામ શું છે ?<br>(A) શ્રી તેન્ઝિંગ નોર્ગે (B) શ્રી એડમંડ હિલેરી (C) શ્રી જ્યોર્જ મેલોરી (D) અરૂણિમા સિન્હા | (D) |
| 8. | એન્ટાર્કટિકાના કયા સૌથી ઊંચા પર્વતને સર કરીને અરૂણિમા સિન્હા તાજેતરમાં એન્ટાર્કટિકાના સૌથી ઊંચા પર્વતને સર કરનાર વિશ્વના પ્રથમ દિવ્યાંગ પર્વતારોહક બની ગયા છે ?<br>(A) માઉન્ટ વિન્સન (B) માઉન્ટ અગોંગ (C) માઉન્ટ હિન્સન (D) માઉન્ટ અલોંગ | (A) |
| 9. | અરૂણિમા સિન્હાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?<br>1. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના આંબેડકર નગર ખાતે થયો હતો.<br>2. તેમણે 2013માં માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.<br>3. તેઓ અગાઉ નેશનલ ફૂટબોલ પ્લેયર હતા.<br>4. તેમના પિતા ભારતના પ્રથમ IRS ઓફિસર હતા.<br>(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 | (C) |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 09 JANUARY, 2019 WEDNESDAY

### a દિવસ મહિમા : 9 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ

9 જાન્યુઆરી, 1915ના રોજ શ્રી મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતના મુંબઈ ખાતે પરત આવ્યા હતા.

- આથી તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

**નોંધ :** (1) ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

(2) શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણને આધારે 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપાઈએ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

(3) આ અંતર્ગત ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ આ દિવસ ઉજવાય છે.

(4) શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### 15મું પ્રવાસી ભારતીય સંમેલન




વિદેશમાં રહેતા અનેક ભારતીય વ્યક્તિઓનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે.

- ભારતના વિકાસમાં યોગદાન આપનાર આ વિદેશી ભારતીયો પ્રત્યે 'પ્રવાસી ભારતીય દિવસ'ના રોજ સન્માન વ્યક્ત કરવામાં આવે છે.
- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ દેશ ભારત સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- આ માટે વર્ષ 2003થી વર્ષ 2015 સુધી દર વર્ષે 'પ્રવાસી ભારતીય સંમેલન'નું આયોજન કરવામાં આવતું હતું.
- વર્ષ 2015 બાદ આ સંમેલન દર બે વર્ષે યોજાય છે.
- આ અંતર્ગત તાજેતરમાં 21થી 23 જાન્યુઆરી, 2019 દરમિયાન ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે 15મું પ્રવાસી ભારતીય સંમેલન યોજાશે.
- મોરેશિયસના ભારતીય મૂળના વડાપ્રધાન શ્રી પ્રવિંદકુમાર જુગનાથ આ સંમેલનના 'મુખ્ય અતિથિ' હશે.
- ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં તાજેતરમાં 14-15 જાન્યુઆરીથી 4 માર્ચ સુધી યોજાનાર અર્ધકુંભમેળાને ધ્યાનમાં રાખીને 15મા પ્રવાસી ભારતીય સંમેલનનું આયોજન ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે કરવામાં આવ્યું છે.

- સામાન્ય રીતે પ્રવાસી ભારતીય સંમેલન 7થી 9 જાન્યુઆરી દરમિયાન જ યોજાય છે.
- જોકે, આ સંમેલનમાં ભાગ લેવા માટે આવતા વિદેશી ભારતીયો કુંભ મેળાનો અને પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો લાભ લઈ શકે તે માટે આ વર્ષે 15મું પ્રવાસી ભારતીય સંમેલન 21થી 23 જાન્યુઆરી દરમિયાન યોજાશે.

**નોંધ :** (1) વિશ્વમાં વિદેશથી પોતાના દેશમાં સૌથી વધુ પૈસા ભારતીય મૂળના લોકો જ મોકલે છે.
(2) વર્લ્ડ બેન્કના એક રિપોર્ટ અનુસાર વર્ષ 2017માં વિદેશી ભારતીય સમાજે 4.25 લાખ કરોડ રૂપિયા ભારતમાં મોકલ્યા હતા.




## પ્રવાસી ભારતીય દિવસ વેબસાઈટ

તાજેતરમાં 15 સપ્ટેમ્બર, 2018ના રોજ ભારતના વિદેશમંત્રી **શ્રીમતી સુષ્મા સ્વરાજ** અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી યોગી આદિત્યનાથે** 15મા પ્રવાસી ભારતીય દિવસ 2019 માટેની વેબસાઈટ લોન્ચ કરી હતી.

- પ્રવાસી ભારતીય સંમેલનમાં ભાગ લેવા માટે વિદેશી ભારતીયો પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકે તે માટે **pbdindia.gov.in** નામની આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે.

## 15મા પ્રવાસી ભારતીય દિવસની થીમ શું છે ?

15મા પ્રવાસી ભારતીય દિવસની થીમ **'Role of Indian Diaspora In Building New India' (એટલે કે 'નવા ભારતના નિર્માણમાં પ્રવાસી ભારતીયની ભૂમિકા')** છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2017માં 14મું પ્રવાસી ભારતીય સંમેલન કર્ણાટકના બેંગાલુરુ ખાતે યોજાયું હતું.
(2) જ્યારે વર્ષ 2015માં 13મું પ્રવાસી ભારતીય સંમેલન ગુજરાતમાં ગાંધીનગર ખાતે યોજાયું હતું. ગુજરાતમાં યોજાયેલું આ એકમાત્ર પ્રવાસી ભારતીય સંમેલન છે.
(3) શ્રી મહાત્મા ગાંધીજી ભારત પાછા આવ્યા તેના 100 વર્ષની ઉજવણી નિમિત્તે આ સંમેલન ગુજરાતમાં યોજાયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## a IMFના પ્રથમ મહિલા ચીફ ઈકોનોમિસ્ટ

તાજેતરમાં ઓક્ટોબર, 2018 દરમિયાન **શ્રીમતી ગીતા ગોપીનાથ**ની **IMF**ના **મુખ્ય અર્થશાસ્ત્રી** તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

- આ અંતર્ગત 1 જાન્યુઆરી, 2019થી શ્રીમતી ગીતા ગોપીનાથે **શ્રી મોરી ઓબ્સ્ટફેલ્ડ**ના સ્થાને પોતાનો પદભાર સંભાળી લીધો છે.
- આ સાથે જ **શ્રીમતી ગીતા ગોપીનાથ IMF**ના **પ્રથમ મહિલા ચીફ ઈકોનોમિસ્ટ** બની ગયા છે.

### શ્રીમતી ગીતા ગોપીનાથ

શ્રીમતી ગીતા ગોપીનાથ **અમેરિકા**ના નાગરિક છે. અને તેમનો જન્મ ભારતમાં **કોલકાતા** ખાતે થયો હતો.

- તેમના માતા પિતાનું વર્તમાન નિવાસ સ્થાન કર્ણાટકના **મૈસૂર** ખાતે છે.
- શ્રીમતી ગીતા ગોપીનાથ અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્રના પ્રોફેસર છે.
- આ ઉપરાંત વર્ષ 2016માં **કેરળ**ના મુખ્યમંત્રી **શ્રી પિનારયી વિજયન**ના **આર્થિક સલાહકાર** તરીકે પણ તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેઓ IMFના 11મા મુખ્ય અર્થશાસ્ત્રી છે.

નોંધ : શ્રીમતી ગીતા ગોપીનાથ અગાઉ RBIના પૂર્વ ગવર્નર **શ્રી રઘુરામ રાજન**ની પણ IMFના ચીફ ઈકોનોમિસ્ટ તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

### IMF

**IMF**નું પૂરું નામ **'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ'** છે.

- તેનું વડું મથક **અમેરિકા**ના **વોશિંગ્ટન ડિસી** ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પદ્ધતિઓમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરાષ્ટ્રીય નાણાંકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે.
- તેના કાર્યોમાં –
  (1) સમગ્ર વિશ્વમાં નાણાંકીય સ્થિરતા સુરક્ષિત રાખવી.
  (2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો
  (3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહનઆપવું.
  (4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી – વગેરેનો સમાવેશ થાય છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## a ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ જીતવા વાળો એશિયાનો પ્રથમ દેશ

તાજેતરમાં **ભારત અને ઓસ્ટ્રેલિયા** વચ્ચે ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી **ચાર ટેસ્ટ મેચ**ની સિરીઝ ભારતે **2-1**થી જીતી લીધી છે.

- આ સાથે જ **ભારત** ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ જીતવા વાળો **એશિયાનો પ્રથમ દેશ** બની ગયો છે.
- ભારતે સૌપ્રથમ **1947-48**માં **શ્રી લાલા અમરનાથ**ની આગેવાનીમાં ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ખેડયો હતો.
- આ પ્રવાસના 71-72 વર્ષ બાદ ભારતે પહેલી વખત ઓસ્ટ્રેલિયામાં આ ટેસ્ટ સિરીઝ જીતી છે.
- **શ્રી વિરાટ કોહલી**ની આગેવાની હેઠળ ભારતે આ ટેસ્ટ સિરીઝ જીતી છે.
- આ સિરીઝમાં ભારતના **શ્રી ચેતેશ્વર પૂજારા**ને **'મેન ઓફ દ સિરીઝ'** જાહેર કરવામાં આવ્યા છે.
- ઓસ્ટ્રેલિયાના **સીડની** (પ્રથમ અને અંતિમ ટેસ્ટ) **એડિલેડ** અને **મેલબોર્ન** ખાતે તાજેતરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે **ચાર ટેસ્ટ** મેચ યોજાઈ હતી.
- જેમાં **સીડની** ખાતે યોજાયેલી **અંતિમ** ટેસ્ટ મેચ **ડ્રો** રહી હતી.

**નોંધ :**
(1) ઓસ્ટ્રેલિયા સામેની આ ટેસ્ટ સિરીઝમાં ભારતના **શ્રી મયંક અગ્રવાલ** ડેબ્યુ મેચમાં (પ્રથમ મેચમાં) **ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ રન કરનાર** ભારતીય ખેલાડી બની ગયા છે.
(2) **શ્રી મયંક અગ્રવાલ**નો જન્મ **કર્ણાટક**ના **બેંગાલુરુ** ખાતે થયો છે.
(3) **શ્રી ચેતેશ્વર પૂજારા**નો જન્મ **ગુજરાત**માં **રાજકોટ** ખાતે થયો છે.
(4) જ્યારે **શ્રી વિરાટ કોહલી**નો જન્મ **નવી દિલ્હી** ખાતે થયો છે.
(5) **ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ, ન્યુઝીલેન્ડ** અને **દક્ષિણ આફ્રિકા** બાદ **ભારત** ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ જીતનારો **વિશ્વનો પાંચમો દેશ** છે.

ICE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. ભારતમાં કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(C)**

2. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી ક્યારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 9 જાન્યુઆરી, 1914 (B) 9 જાન્યુઆરી, 1915
(C) 9 જાન્યુઆરી, 1916 (D) 9 જાન્યુઆરી, 1917 **(B)**

3. 'પ્રવાસી ભારતીય દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણને આધારે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
2. આ દિવસની ઉજવણીનો સૌપ્રથમ વિચાર શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ આપ્યો હતો.
3. 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપેઈજીએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
4. ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 4 **(C)**

4. ભારતમાં 21થી 23 જાન્યુઆરી 2019 દરમિયાન કેટલામું પ્રવાસી ભારતીય સંમેલન યોજાશે ?
(A) 15મું (B) 16મું (C) 17મું (D) 18મું **(A)**

5. ભારતમાં 15મું પ્રવાસી ભારતીય સંમેલન ક્યાં યોજાશે ?
(A) નવી દિલ્હી (B) પ્રયાગરાજ (C) વારાણસી (D) લખનૌ **(C)**

6. 21 થી 23 જાન્યુઆરી 2019 દરમિયાન ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે યોજાનાર 15મા પ્રવાસી ભારતીય સંમેલનના 'ચીફ ગેસ્ટ' કોણ હશે ?
(A) શ્રી ડોરાન્ડો ક્યુબે (B) શ્રી એન્ટિનિયો ગુટેરશે
(C) શ્રી સિરીલ રામાફોસા (D) શ્રી પ્રવિંદકુમાર જુગનાથ **(D)**

7. તાજેતરમાં પ્રવાસી ભારતીય દિવસ વેબસાઈટનું લોકાર્પણ કોના દ્વારા થયું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી યોગી આદિત્યનાથ
(C) શ્રીમતી સુષ્મા સ્વરાજ (D) B અને C બંને **(D)**

8. તાજેતરમાં યોજાઈ રહેલ 15મા પ્રવાસી ભારતીય દિવસની થીમ શું છે ?
(A) Redefining engagement with the Indian diaspora
(B) Apna Bharat, Apna Gaurav
(C) Engaging Diaspora : Conecting Across Generations
(D) Role of Indian Diaspora In Building New India **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**9. તાજેતરમાં IMFના પ્રથમ મહિલા ચીફ ઈકોનોમિસ્ટ તરીકે કોણે પદભાર સંભાળ્યો છે ?**
(A) શ્રીમતી રંજના ગોપીનાથન (B) શ્રીમતી ગીતા ગોપીનાથ
(C) શ્રીમતી ઐશ્વર્યા મજુમદાર (D) શ્રીમતી દિવ્યા ગોપીનાથ **(B)**

**10. IMFનું વડું મથક કયાં આવેલું છે ?**
(A) લંડન (B) ન્યુયોર્ક (C) વોશિંગ્ટન ડિસી (D) સીડની **(C)**

**11. તાજેતરમાં ભારતે ઓસ્ટ્રેલિયામાં કેટલા અંતરથી પ્રથમ વખત ટેસ્ટ સિરીઝ જીતી લીધી છે ?**
(A) 3-1 (B) 2-1 (C) 3-0 (D) 2-0 **(B)**

**12. તાજેતરમાં ઓસ્ટ્રેલિયામાં યોજાયેલ ભારત–ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ સિરીઝમાં 'મેન ઓફ ધ સિરીઝ' વિજેતા ખેલાડીનું નામ શું છે ?**
(A) શ્રી વિરાટ કોહલી (B) શ્રી હાર્દિક પંડયા (C) શ્રી ચેતેશ્વર પૂજારા (D) શ્રી મયંક અગ્રવાલ **(C)**

**13. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સિરીઝ જીતનારી ભારત વિશ્વની કેટલામી ટીમ છે ?**
(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 10 JANUARY, 2019 THURSDAY

## a દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હાસ્ય દિવસ તથા વિશ્વ હિન્દી દિવસ

### વિશ્વ હિન્દી દિવસ

<u>10 જાન્યુઆરી</u>ના રોજ <u>'વિશ્વ હિન્દી દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

### 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

<u>10 જાન્યુઆરી, 1975</u>ના રોજ ભારતમાં <u>નાગપુર</u> ખાતે <u>પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું</u> આયોજન થયું હતું.

- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા <u>વર્ષ 2006</u>થી <u>10 જાન્યુઆરી</u> <u>'વિશ્વ હિન્દી દિવસ'</u> તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

### 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?

<u>ભારતમાં</u> દર વર્ષે <u>14 સપ્ટેમ્બર</u>ના રોજ <u>'હિન્દી દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- જ્યારે <u>10 જાન્યુઆરી</u>ના રોજ <u>વિશ્વ ભરમાં</u> <u>'વિશ્વ હિન્દી દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.
- <u>14 સપ્ટેમ્બર, 1949</u>ના રોજ <u>બંધારણ સભા</u>એ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, <u>હિન્દી</u> જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

**નોંધ :** (1) **રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની** વિનંતીથી વર્ષ **1953**થી સમગ્ર ભારતમાં **14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ'** તરીકે ઉજવાય છે.

(2) વર્ષ **1918**માં યોજાયેલા **હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજી**એ હિન્દી ભાષાને ભારતની **'રાષ્ટ્રભાષા'** બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને **'જનમાનસ'**ની ભાષા ગણાવી હતી.

(3) ભારતીય બંધારણના **ભાગ 17**ના **અનુચ્છેદ 343(1)** અનુસાર – સંઘની રાજભાષા **'હિન્દી'** અને લિપી **'દેવનાગરી'** હશે.

(4) જોકે ભારતમાં **'હિન્દી'** ભાષાને **રાજભાષા**નો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં **અંગ્રેજી**ને પણ **'રાજભાષા'**નો દરજ્જો આપવામાં આવ્યો છે.

## a શ્રી જિમ યોંગ કિમનું વર્લ્ડ બેંકના અધ્યક્ષ પદેથી રાજીનામું




તાજેતરમાં **વર્લ્ડ બેંક**ના **અધ્યક્ષ શ્રી જિમ યોંગ કિમે** પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે.

- 31 જાન્યુઆરી, 2019 સુધીમાં તેઓ પોતાનું પદ છોડી દેશે.
- શ્રી જિમ યોંગ કિમે વર્લ્ડ બેંકના અધ્યક્ષ તરીકે 6 વર્ષ કાર્ય કર્યું છે અને હજી 3 વર્ષનો તેમનો કાર્યકાળ બાકી છે.
- શ્રી જિમ યોંગ કિમ વર્ષ **2012**થી વર્લ્ડ બેંકના **12મા અધ્યક્ષ** છે.
- **'કિમ યોંગ'** તરીકે ઓળખાતા **શ્રી જિમ યોંગ કિમ દક્ષિણ કોરિયા** ઉપરાંત **અમેરિકા**ની પણ નાગરિકતા ધરાવે છે.

### શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા

**શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા** વર્લ્ડ બેંકના **પ્રથમ ચીફ એક્ઝીક્યુટિવ** છે.

- શ્રી જિમ યોંગ કિમના રાજીનામા બાદ વર્લ્ડ બેંકના **વચગાળાના (કાર્યકારી) અધ્યક્ષ** તરીકે **શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા**ની નિમણૂક કરવામાં આવી છે.
- શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા **1 ફેબ્રુઆરી, 2019**થી પોતાનો પદભાર સંભાળશે.
- **શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા**ના દેશનું નામ **બલ્ગેરિયા** છે.

### World Bank

વર્લ્ડ બેંક એ **સંયુક્ત રાષ્ટ્ર (United Nations)**ની એક વિશિષ્ટ સંસ્થા છે.


- વિશ્વ બેંકનો મુખ્ય ઉદ્દેશ વિશ્વમાં ગરીબીનું પ્રમાણ ઘટાડવું, આંતરરાષ્ટ્રીય રોકાણમાં વધારો કરવો અને વિશ્વને આર્થિક રીતે પ્રગતિશીલ બનાવવાનો છે.
- તેનું વડું મથક **અમેરિકા**ના **વોશિંગ્ટન ડિસી** ખાતે આવેલું છે.
- તેની સ્થાપના અમેરિકામાં **'બ્રેટન વુડ્સ સંમેલન'** દરમિયાન **જુલાઈ 1944**માં થઈ હતી.

**નોંધ :** (1) વર્લ્ડ બેન્કના પ્રથમ અધ્યક્ષ **શ્રી યુજેન મેયર** હતા.

(2) વર્લ્ડ બેન્કના અધ્યક્ષ પદે આજ સુધી એક પણ મહિલા બિરાજમાન થયા નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## a Digital Payment System અંગે શ્રીનંદન નિલેકણી સમિતિની રચના



<u>**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)**</u> દ્વારા તાજેતરમાં <u>**શ્રી નંદન નિલેકણી**</u>ની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે.

- આ સમિતિ ભારતમાં <u>**ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને મજબૂત કરવા**</u> તથા ભારતમાં <u>**ડિજિટલ પેમેન્ટની સુરક્ષામાં વધારો કરવા**</u> ભલામણો કરશે.
- શ્રી નંદન નિલેકણીની અધ્યક્ષતામાં બનેલી આ સમિતિના અન્ય સભ્યોમાં RBIના પૂર્વ ડેપ્યુટી ગવર્નર શ્રી એચ. આર. ખાન ઉપરાંત શ્રી કિશોર સંસી, શ્રીમતી અરૂણા શર્મા અને શ્રી સંજય જૈનનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) શ્રી નંદન નિલેકણી <u>**ઈન્ફોસિસ**</u>ના સહ અધ્યક્ષ અને તેના સંસ્થાપક સભ્યોમાંના એક છે.

(2) <u>**શ્રી નંદન નિલેકણી**</u>ની ભારતમાં <u>**UIDAI (Uniqe Identification Authority of India)**</u>ના <u>**પ્રથમ અધ્યક્ષ**</u> તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

### ICE ? Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** સમગ્ર વિશ્વમાં 'વિશ્વ હાસ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી **(C)**

**2.** ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર **(D)**

**3.** 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી **(C)**

**4.** ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) નાગપુર **(D)**

**5.** તાજેતરમાં વર્લ્ડ બેંકના અધ્યક્ષ પદેથી કોણે રાજીનામું આપ્યું છે ?
(A) શ્રી જિમ યોંગ કિમ (B) શ્રી કિમ યોંગ લિન (C) શ્રી જિમ યોંગ લિન (D) શ્રી કિમ જોંગ લિન **(A)**

**6.** તાજેતરમાં શ્રી જિમ યોંગ કિમે વર્લ્ડ બેંકના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે...તેઓ વર્લ્ડ બેંકના કેટલામા અધ્યક્ષ છે ?
(A) 10મા (B) 11મા (C) 12મા (D) 13મા **(C)**

**7.** તાજેતરમાં વર્લ્ડ બેન્કના કાર્યકારી અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રીમતી થેરેસા મે (B) શ્રીમતી ક્રિસ્ટલિના જ્યોર્જિએવા
(C) શ્રીમતી ક્રિસ્ટિના આર્નોલ્ડ (D) શ્રી યુજેન મેયર **(B)**

**8.** ભારતમાં ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ મજબૂત બનાવવા માટે RBI દ્વારા તાજેતરમાં કોની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
(A) શ્રી રાજેન્દ્ર પચૌરી (B) શ્રી નંદન નિલેકણી (C) શ્રી અમિતાભ કાંત (D) શ્રી ઉર્જિત પટેલ **(B)**

## 11 JANUARY, 2019 FRIDAY

## a ભારતના વૃદ્ધિ દર અંગે CSOનો વર્ષ 2018-19નો અંદાજ

ભારત સરકારના **સ્ટેટિસ્ટિક્સ અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલય** અંતર્ગત કાર્ય કરતી એજન્સી **સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO)** દ્વારા તાજેતરમાં વર્ષ **2018-19** માટેનો ભારતીય અર્થતંત્રનો પ્રથમ એડવાન્સ અંદાજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

### ભારતના GDP અથવા તો અર્થતંત્રનો વૃદ્ધિદર

આ અંદાજ અનુસાર વર્ષ **2018-19** દરમિયાન ભારતીય અર્થતંત્રનો **વિકાસદર 7.2 ટકા** રહેવાની સંભાવના છે.

- જે વર્ષ **2017-18**ના **6.7 ટકા**થી વધારે છે.
- જ્યારે વાસ્તવિક **GVA (ગ્રોસ વેલ્યુ એડેડ)** વર્ષ **2018-19**માં **7 ટકા**ના દરથી વૃદ્ધિ પામશે એવો અંદાજ છે.
- જે વર્ષ **2017-18**માં **6.5 ટકા** હતો.

### કૃષિ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર

CSOના અહેવાલ અનુસાર **કૃષિ, વનસંવર્ધન અને માછીમારી ક્ષેત્ર**નો વિકાસ વર્ષ **2017-18**માં **3.4 ટકા** હતો, જે વર્ષ **2018-19**માં વધીને **3.8 ટકા** થવાની સંભાવના છે.

- જ્યારે **મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર**નો વિકાસ વર્ષ **2017-18**માં **5.7 ટકા** હતો, જે વર્ષ **2018-19**માં વધીને **8.3 ટકા** થવાની સંભાવના છે.

### માથા દીઠ આવક

વર્ષ **2018-19**માં ભારતમાં માથા દીઠ આવકમાં **6.1 ટકા**નો વધારો થવાની સંભાવના છે.

- નાણાકીય વર્ષ **2017-18**માં ભારતમાં **માથા દીઠ આવક** (2011-12ની કિંમતોને આધારે) **86,668 રૂ.** હતી.
- જે વર્ષ **2018-19**માં **6.1 ટકા** વધીને **91,921 રૂપિયા** થવાનો અંદાજ છે.

**નોંધ :** (1) **GDPનું પૂરું નામ 'Gross Domestic Product'** છે.

(2) કોઈપણ દેશના અર્થતંત્રના વૃદ્ધિ દરને દર્શાવવા માટે GDPનો ઉપયોગ થાય છે. **'અર્થતંત્રનો વૃદ્ધિ દર'** બીજા શબ્દોમાં **'GDP વૃદ્ધિ દર'** તરીકે ઓળખાય છે.

(3) **GVAનું પૂરું નામ 'Gross Value Added'** છે.

(4) GVA એ અર્થતંત્રના કોઈ ક્ષેત્ર અથવા તો ઉદ્યોગ દ્વારા ઉત્પાદિત માલસામાન તથા સેવાઓના મૂલ્યનું માપ છે.

## a ભારતના વૃદ્ધિ દર અંગે વર્લ્ડ બેંકનો અંદાજ

**વર્લ્ડ બેન્ક** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલા **ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટસ રિપોર્ટ** અનુસાર નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતનો વિકાસદર (અથવા તો GDP વૃદ્ધિદર) **7.5 ટકા** રહેવાની સંભાવના છે.

- આ અગાઉ **IMF** દ્વારા નાણાકીય વર્ષ **2019-20** દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર **7.4 ટકા** રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.
- IMFના અંદાજ કરતા વર્લ્ડ બેંકનો તાજેતરનો અંદાજ થોડો વધારે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## a અયોધ્યા કેસની સુનાવણી માટે પાંચ જજની બંધારણીય બેંચની રચના

ભારતમાં ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે આવેલા પ્રસિદ્ધ રામમંદિર અંગે સુપ્રીમ કોર્ટમાં કુલ 14 અરજીઓ પેન્ડિંગ છે.

- અયોધ્યા કેસ અંગે આવેલી આ અરજીઓની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની બંધારણીય બેંચની રચના કરી હતી.
- આ બેંચમાં નીચેના સભ્યોનો સમાવેશ થયો હતો :

(1) ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ (અધ્યક્ષ)

(2) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ

(3) જસ્ટિસ યુ. યુ. લલિત

(4) જસ્ટિસ એન. વી. રમન્ના

(5) જસ્ટિસ એસ. એ. બોબડે



### જસ્ટિસ યુ. યુ. લલિત આ બેંચમાંથી બહાર

10 જાન્યુઆરી, 2019ના રોજ સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા કેસ અંગે સુનાવણી શરૂ થવાની હતી.

- પરંતુ આ સુનાવણી શરૂ થાય એ પૂર્વે જ સુપ્રીમ કોર્ટની ઉપરોક્ત બેંચમાં જસ્ટિસ યુ. યુ. લલિતના સમાવેશ અંગે મુસ્લિમ પક્ષકારે વિરોધ નોંધાવ્યો હતો.
- જસ્ટિસ યુ. યુ. લલિત વર્ષ 1994માં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી કલ્યાણસિંહના વકીલ તરીકે રામજન્મ ભૂમિ અંગેનો એક કેસ લડયા હોવાથી મુસ્લિમ પક્ષના વકીલ શ્રી રાજીવ ધવને આ વિરોધ નોંધાવ્યો હતો.
- આથી, જસ્ટિસ યુ. યુ. લલિત આ બેંચમાંથી ખસી ગયા છે.
- હવે સુપ્રીમ કોર્ટની પાંચ સભ્યોની બંધારણીય બેંચમાં જસ્ટિસ યુ. યુ. લલિતના સ્થાને કોઈ અન્ય જજને શામેલ કરવામાં આવશે.
- અને આ કેસની સુનાવણી હવે 29 જાન્યુઆરી, 2019થી શરૂ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## a ત્રણ એઈમ્સ (રાજકોટ, વિજયનગર, અવંતીપુરા)ને કેબિનેટની મંજૂરી

10 જાન્યુઆરી, 2018ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ત્રણ એઈમ્સની રચનાને મંજૂરી આપવામાં આવી છે.

- આ ત્રણ એઈમ્સમાં ગુજરાતની રાજકોટ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં જમ્મુની વિજયનગર અને કાશ્મીરની અવંતીપુરા એઈમ્સનો સમાવેશ થાય છે.

### ત્રણ એઈમ્સને કેબિનેટની મંજૂરી

| ક્રમ | સ્થળ | ખર્ચ | નિર્માણ માટેની સમય મર્યાદા |
|---|---|---|---|
| 1 | રાજકોટ (ગુજરાત) | 1195 કરોડ રૂ. | 45 મહિના |
| 2 | વિજયનગર જિ. સાંબા(જમ્મુ) | 1661 કરોડ રૂ. | 48 મહિના |
| 3 | અવંતીપુરા જિ. પુલવામા (કાશ્મીર) | 1828 કરોડ રૂ. | 72 મહિના |

**નોંધ :** આ ત્રણેય એઈમ્સમાં રૂ. 2,25,000 બેઝિક પગારથી એક ડિરેક્ટરના પદનું સર્જન કરવામાં આવશે.

## સુવિધા

ઉપરોક્ત ત્રણેય એઈમ્સમાં નીચેની સુવિધાઓ હશે :

(1) તેમાં 100 સ્નાતક (MBBS) સીટો તથા 60 BSC (નર્સિંગ) સીટો હશે.

(2) તેમાં 15 થી 20 સુપર સ્પેશિયાલિટી વિભાગ હશે.

(3) તેમાં 750 બેડની વ્યવસ્થા હશે.

(4) તેમાં પ્રતિદિન આશરે 1500 ઓપીડી દર્દીની અને વોર્ડોમાં દરમહિને આશરે 1000 દર્દીઓની સારવાર કરવામાં આવશે.

(5) તેમાં એક મેડિકલ કોલેજ, એક આયુષ વિભાગ, ઓડિટોરિયમ, નાઈટ શેલ્ટર, અતિથિ ગૃહ, હોસ્ટેલ તથા રહેવાની વ્યવસ્થા હશે.

## ખર્ચ

આ ત્રણેય એઈમ્સના નિર્માણ–સંચાલન અને જાળવણીનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર આપશે.

- જોકે ગુજરાતમાં એઈમ્સના નિર્માણ માટે રાજકોટના ખંડેરી અને પરાપીપળીયા ગામ પાસે ગુજરાત સરકાર દ્વારા સરકારી ખરાબાની 120 હેક્ટર એટલે કે 300 એકર જમીન મફત ફાળવવામાં આવશે. જ્યારે આશરે 8 એકર જેટલી જમીન ખાનગી માલિકો પાસેથી લેવામાં આવશે.

## કેન્દ્ર સરકારની કઈ યોજના અંતર્ગત આ એઈમ્સને મંજૂરી આપવામાં આવી છે ?

કેન્દ્ર સરકારની 'પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના' (PMSSY) અંતર્ગત આ ઉપરોક્ત ત્રણેય એઈમ્સને મંજૂરી આપવામાં આવી છે.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશના વિવિધ ભાગોમાં ઉચ્ચ કક્ષાની સ્વાસ્થ્ય સુવિધાઓનું અસંતુલન દૂર કરવાનો તથા સેવાથી વંચિત રાજ્યોમાં ગુણવત્તા સભર મેડિકલ શિક્ષણ માટે સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે.
- આ યોજનાને માર્ચ 2006માં મંજૂરી આપવામાં આવી હતી.

## AIIMS

AIIMS નું પૂરું નામ All India Institutes of Medical Sciences છે.

- એઈમ્સને સંસદના એક કાયદા દ્વારા 'રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા' તરીકે જાહેર કરવામાં આવી છે.
- ભારતમાં સૌપ્રથમ દિલ્હીમાં 1956માં એઈમ્સની સ્થાપના થઈ હતી.
- ત્યારબાદ વર્ષ 2012માં 6 એઈમ્સની સ્થાપના કરવામાં આવી હતી.
- જ્યારે વર્ષ 2018માં આંધ્રપ્રદેશના મંગલગિરી અને મહારાષ્ટ્રના નાગપુર ખાતે એઈમ્સની સ્થાપના કરવામાં આવી છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2022 સુધીમાં ભારતના તમામ રાજ્યોમાં એક–એક એઈમ્સ સ્થાપવાની વિચારણા છે.

નોંધ :(1) 1 ફેબ્રુઆરી, 2017ના રોજ બજેટ ભાષણમાં શ્રી અરૂણ જેટલીએ ઝારખંડ અને ગુજરાતમાં એઈમ્સની સ્થાપનાની જાહેરાત કરી હતી.

(2) જ્યારે 7 નવેમ્બર, 2015ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જમ્મુ કાશ્મીરમાં બે એઈમ્સ સ્થાપવાની જાહેરાત કરી હતી.

(3) આ અગાઉ 31 ડિસેમ્બર, 2018ના રોજ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાજકોટમાં એઈમ્સની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી હતી.

(4) ભારતમાં એઈમ્સની સ્થાપનાનો વિચાર ભારતના પ્રથમ આરોગ્યમંત્રી શ્રીમતી રાજકુમારી અમૃતા કૌરે આપ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO) દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા પ્રથમ એડવાન્સ અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતીય અર્થતંત્રનો (અથવા તો GDPનો) વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?

(A) 7.2 (B) 7.4 (C) 7.5 (D) 7.6 — (A)

2. CSOના તાજેતરના અંદાજ અનુસાર નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતીય અર્થતંત્રનો વાસ્તવિક GVA કેટલા ટકાના દરથી વૃદ્ધિ પામશે તેવી સંભાવના છે ?

(A) 6.5 (B) 6.7 (C) 7 (D) 7.2 — (C)

3. CSOના તાજેતરમાં જાહેર થયેલા વર્ષ 2018-19ના પ્રથમ એડવાન્સ અંદાજ અનુસાર વર્ષ 2017-18ની તુલનાએ નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ભારતની માથા દીઠ આવકમાં કેટલા ટકાનો વધારો થવાની સંભાવના છે ?

(A) 5 ટકા (B) 5.1 ટકા (C) 6 ટકા (D) 6.1 ટકા — (D)

4. તાજેતરમાં અયોધ્યા કેસની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી પાંચ સભ્યોની બંધારણીય બેંચમાંથી 10 જાન્યુઆરી 2019ના રોજ ક્યા જજ ખસી ગયા છે ?

(A) જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ (B) જસ્ટિસ યુ. યુ. લલિત

(C) જસ્ટિસ એન. વી. રમન્ના (D) જસ્ટિસ એસ. એ. બોબડે — (B)

5. તાજેતરમાં જાન્યુઆરી 2019 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્લ્ડ બેંકના એક રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની શકયતા છે ?

(A) 7.2 (B) 7.4 (C) 7.5 (D) 7.6 — (C)

6. 10 જાન્યુઆરી 2019ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ત્રણ એઈમ્સને મંજૂરી આપવામાં આવી છે... આ ત્રણ એઈમ્સમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) રાજકોટ (B) વિજયનગર (C) કૂપવાડા (D) અવંતીપુરા — (C)

7. રાજકોટ ખાતે કેટલા રૂપિયાના ખર્ચે એઈમ્સની સ્થાપના કરવામાં આવશે ?

(A) રૂ. 1195 કરોડ (B) રૂ. 1661 કરોડ (C) રૂ. 1828 કરોડ (D) રૂ. 1185 કરોડ — (A)

8. ગુજરાતમાં રાજકોટ ખાતે સ્થપાનાર એઈમ્સમાં કેટલા બેડની સુવિધા હશે ?

(A) 650 (B) 750 (C) 850 (D) 950 — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ગુજરાતના રાજકોટ ખાતે સ્થપાનાર એઈમ્સની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચાં છે ?
1. તેમાં 100 MBBS અને 60 નર્સિંગ સીટો હશે.
2. તેમાં 15થી 20 સુપર સ્પેશિયાલિટી વિભાગ હશે.
3. PMSSY યોજના અંતર્ગત તેની સ્થાપના કરવામાં આવી છે.
4. વર્ષ 2016-17 દરમિયાન ગુજરાતમાં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાયેલા એક સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેની સ્થાપનાની જાહેરાત કરી હતી.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 4 **(C)**

10. PMSSYનું પૂરું નામ શું છે ?
(A) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (B) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સંવર્ધન યોજના
(C) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુધારણા યોજના (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

11. ગુજરાતમાં રાજકોટ ખાતે સ્થપાનાર એઈમ્સ માટે ગુજરાત સરકાર દ્વારા રાજકોટ ખાતે ખંડેરી અને પરાપીપળીયા ગામ પાસે સરકારી ખરાબાની કેટલી જમીન મફતમાં ફાળવવામાં આવશે ?
(A) 100 હેક્ટર અથવા 220 એકર (B) 120 હેક્ટર અથવા 300 એકર
(C) 130 હેક્ટર અથવા 330 એકર (D) 110 હેક્ટર અથવા 300 એકર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 12 JANUARY, 2019 SATURDAY

### a દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન




ભારતમાં <u>સ્વામી વિવેકાનંદ</u>નો જન્મ દિન <u>12 જાન્યુઆરી</u> <u>'રાષ્ટ્રીય યુવા દિન'</u> તરીકે ઉજવાય છે.

- ભારતમાં <u>1984</u>થી તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ <u>12 જાન્યુઆરી, 1863</u>ના રોજ <u>પશ્ચિમ બંગાળ</u>ના <u>કોલકાતા</u> ખાતે થયો હતો.
- અને તેમનું નિધન <u>4 જુલાઈ, 1902</u>ના રોજ <u>પશ્ચિમ બંગાળ</u>ના <u>બેલુર મઠ</u>માં થયું હતું.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબ જ મોટો સ્ત્રોત છે.

**નોંધ :** (1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.
(2) આ અંતર્ગત ભારતમાં <u>12 જાન્યુઆરી</u>ના રોજ <u>'યુવા દિન'</u> અથવા તો <u>'રાષ્ટ્રીય યુવા દિન'</u>ની ઉજવણી કરવામાં આવે છે.
(3) જ્યારે <u>'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ'</u> <u>12 ઓગસ્ટ</u>ના રોજ ઉજવાય છે.

## a GST કાઉન્સિલની 32મી બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્ત્વના નિર્ણયો

10 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હી ખાતે મળેલી GST કાઉન્સિલની 32મી બેઠકમાં કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

**(1) ગુડ્સ ક્ષેત્રમાં કમ્પોઝિશન સ્કીમમાં ટર્નઓવરની મર્યાદામાં વધારો :**

અત્યાર સુધી ગુડ્સ ક્ષેત્રે રૂ. 1 કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ કમ્પોઝિશન સ્કીમનો લાભ લઈ શકતા હતા. હવે આ મર્યાદા વધારીને રૂ. 1.5 કરોડ કરવામાં આવી છે.

- આ ઉપરાંત કમ્પોઝિશન સ્કીમને હવે વધુ સરળ બનાવવામાં આવી છે. આ સ્કીમ અંતર્ગત હવે વર્ષમાં ફક્ત એક જ વખત રિટર્ન ભરવાનું રહેશે.
- જોકે ટેક્ષ તો દર ત્રણ મહિને જ ભરવાનો રહેશે.

**(2) GST રજીસ્ટ્રેશનમાંથી મુક્તિની મર્યાદામાં વધારો :**

ગુડ્સ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓ માટે રજીસ્ટ્રેશનમાંથી મુક્તિની મર્યાદા રૂ. 20 લાખથી વધારીને રૂ. 40 લાખ કરવામાં આવી છે.

- જોકે ટર્નઓવરની આ મર્યાદા વધારીને રૂ. 40 લાખ કરવી કે પછી રૂ. 20 લાખની મર્યાદા યથાવત્ રાખવી તેનો નિર્ણય રાજ્યોએ કરવાનો રહેશે. આ નિર્ણય માટે રાજ્યોને સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે.
- જ્યારે સર્વિસ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓ માટે આ મર્યાદા રૂ. 20 લાખ યથાવત્ રાખવામાં આવી છે.

**(3) સેવા ક્ષેત્રમાં કમ્પોઝિશન સ્કીમ :**

આ અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. 50 લાખ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા સેવાક્ષેત્ર સાથે સંકળાયેલ વેપારીઓને કમ્પોઝિશન સ્કીમનો લાભ આપવામાં આવશે.

- આ માટે તેમણે 6 ટકા ટેક્ષ (3 ટકા CGST + 3 ટકા SGST) ચૂકવવાનો રહેશે.
- આ યોજનાનો લાભ સેવા ક્ષેત્ર કે પછી સેવા અને ગુડ્સ એમ બંને ક્ષેત્ર સાથે સંકળાયેલા એવા વેપારીઓને મળશે કે જેમને ગુડ્સ ક્ષેત્રની કમ્પોઝિશન સ્કીમનો લાભ નથી મળતો.

**(4) આ નિર્ણય ક્યારથી લાગુ થશે ?**

ઉપરોક્ત તમામ નિર્ણય 1 એપ્રિલ, 2019થી અમલમાં આવશે.

**(5) મફત એકાઉન્ટિંગ અને બિલિંગ સોફ્ટવેર :**

GSTN દ્વારા નાના કરદાતાઓને એકાઉન્ટિંગ અને બિલિંગ સોફ્ટવેર મફત ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**(6) કેરળને 1 ટકા સેસની છૂટ :**

તાજેતરમાં કુદરતી આફતનો ભોગ બનેલા કેરળને રાજ્યમાં વસ્તુઓ અને સેવાઓ પર વધુમાં વધુ 1 ટકા સેસ લાદવાની મંજૂરી આપવામાં આવી છે.

- આ સેસનો સમયગાળો 2 વર્ષ સુધીનો રહેશે.

### કમ્પોઝીશન સ્કીમ શું છે ?

GST અંતર્ગત કમ્પોઝીશન સ્કીમ નાના કરદાતાઓ માટેની એક સરળ સ્કીમ છે.

- આ સ્કીમ અંતર્ગત નાના કરદાતાઓને GST અંતર્ગતના મોટાભાગના રુલ્સ અને રેગ્યુલેશનમાંથી મુક્તિ મળે છે.
- આ સ્કીમ અંતર્ગત તેમણે તેમના ટર્ન ઓવર મુજબ ફક્ત ફિક્સ ટેક્ષ જ ચુકવવાનો હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## a સવર્ણોને અનામત માટે 'બંધારણીય (124મા) સુધારા (પ્રસ્તાવ) વિધેયક 2019' લોકસભા અને રાજ્યસભામાં પસાર

### પ્રસ્તાવના

### બિનઅનામત વર્ગના આર્થિક પછાતને 10% અનામત

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા **આર્થિક રીતે પછાત બિન અનામત (સવર્ણો)**ને **નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં 10 ટકા** અનામત આપવાની જાહેરાત કરવામાં આવી છે.

- સરકારના આ નિર્ણયથી હાલ 49.5 ટકા અનામતનો જે ભાગ છે તેને કોઈ અસર નહીં થાય. પરંતુ આ 50 ટકા ઉપરાંત વધારાનું 10 ટકા અનામત આપવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી ભારતમાં અનામતની સ્થિતિમાં નીચે પ્રમાણેનો ફેરફાર થશે.

### ભારતમાં અનામતની સ્થિતિ

| ક્રમ | વર્ગ | અનામતની હાલની સ્થિતિ | નવી સ્થિતિ |
|---|---|---|---|
| 1 | OBC (અન્ય પછાત વર્ગો) | 27 ટકા | 27 ટકા |
| 2 | SC (અનુસૂચિત જાતિ) | 15 ટકા | 15 ટકા |
| 3 | ST (અનુસૂચિત જનજાતિ) | 7.5 ટકા | 7.5 ટકા |
| 4 | બિન અનામત આર્થિક પછાતને(સવર્ણ) | – | 10 ટકા |
| | કુલ | 49.5 ટકા | 59.5% |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 124મો બંધારણીય સુધારા પ્રસ્તાવ, 2019

ભારતીય બંધારણમાં હાલ આર્થિક રીતે પછાત વર્ગો માટે તેમજ 50 ટકાથી વધુ અનામત આપવા માટે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી.

- આથી કેન્દ્ર સરકારે આ માટે બંધારણમાં સુધારો કરવાની યોજના બનાવી છે.
- આ અંતર્ગત કેન્દ્ર સરકારે 'બંધારણીય (124મા) સુધારા પ્રસ્તાવ, 2019' નામનું બિલ લોકસભા તથા રાજ્યસભામાં પસાર કર્યું છે.

### 103મો બંધારણીય સુધારા અધિનિયમ-2019

- કોઈપણ બંધારણીય સુધારા પ્રસ્તાવ પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર થતા તે પ્રસ્તાવ અધિનિયમ બને છે.
- હાલમાં બિનઅનામત વર્ગના આર્થિક પછાતને 10% અનામત આપવા માટેનો બંધારણીય સુધારા પ્રસ્તાવ 124 ક્રમનો છે.
- આ પ્રસ્તાવ સંસદના બંને ગૃહોમાંથી પસાર થયા બાદ રાષ્ટ્રપતિ હસ્તાક્ષર કરતા તે બંધારણીય સુધારા અધિનિયમ 103મા ક્રમનો છે.

### સરકાર દ્વારા બંધારણની કઈ જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો ?

- આર્થિક રીતે નબળા વર્ગોને 10% અનામત આપવા સરકાર દ્વારા બંધારણીય સુધારો (124મો) બિલ, 2019 પસાર કરવામાં આવ્યું.
- આ બિલ દ્વારા બંધારણના ભાગ-3ના અનુચ્છેદ-15 અને અનુચ્છેદ-16માં એક–એક નવી જોગવાઈઓ ઉમેરવામાં આવી.

## અનુચ્છેદ-15માં સુધારો

- બંધારણના અનુચ્છેદ-15માં એક નવો પેટા અનુચ્છેદ-15(6) ઉમેરવામાં આવ્યો.
- અનુચ્છેદ-15(6)
  (a) આર્થિક રીતે પછાત વર્ગના નાગરિકોની ઉન્નતિ માટે વિશેષ જોગવાઈ કરવાની રાજ્યની સત્તા.
  (b) આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકોને ખાનગી, અર્ધ સરકારી કે સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે વધુમાં વધુ 10% અનામતની જોગવાઈ રાજ્ય કરી શકશે. પરંતુ આ અનામત અનુચ્છેદ 30(1) અંતર્ગત અલ્પસંખ્યકો(લઘુમતિ)ની શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ પડશે નહીં.

## અનુચ્છેદ-16માં સુધારો

- બંધારણના અનુચ્છેદ-16માં નવો પેટા અનુચ્છેદ-16(6) ઉમેરવામાં આવ્યો.
- અનુચ્છેદ-16(6) :
  આ અનુચ્છેદમાં આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકોને કોઈ નિમણૂક કે પદ પર નિયુક્તિ માટે રાજ્ય વર્તમાન અનામત વ્યવસ્થાથી વધુ 10% અનામત અંગેની જોગવાઈ કરી શકશે.
  **સ્પષ્ટીકરણ :** અનુચ્છેદ-15 અને અનુચ્છેદ-16 અંતર્ગત આર્થિક રીતે પછાત વર્ગોમાં કયા વર્ગોનો સમાવેશ કરવો તે માપદંડ કુટુંબની આવક અને આર્થિક લાભના આધારે સરકાર નક્કી કરશે.

## બંધારણીય સુધારા અંગે બંધારણમાં જોગવાઈ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ-368માં બંધારણીય સુધારા અને તેની પ્રક્રિયાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેના ત્રણ પ્રકાર છે :

(1) સામાન્ય બહુમતી દ્વારા સુધારો : વિશેષ બંધારણીય મહત્ત્વ ધરાવતા ન હોય તેવી જોગવાઈઓમાં સુધારો સંસદની સામાન્ય બહુમતી દ્વારા કરવામાં આવે છે.

- સામાન્ય બહુમતી એટલે સંસદના જેતે ગૃહોમાં હાજર અને મતદાન કરતા અડધાથી વધુ (50%થી વધુ) સભ્યોની સહમતિ.
  ઉદાહરણ : નવા રાજ્યોનું નિર્માણ, નામ કે સિમામાં પરિવર્તન સંબંધિ ખરડા સામાન્ય બહુમતી દ્વારા પસાર કરવામાં આવે છે.
- આ સુધારામાં કોઈ બંધારણીય સુધારા ક્રમ આપવામાં આવતો નથી.

(2) વિશેષ બહુમતી દ્વારા સુધારો : બંધારણના મોટા ભાગના સુધારાઓ વિશેષ બુહમતી દ્વારા થાય છે.

- વિશેષ બહુમતીનો અર્થ
  (a) ગૃહની કુલ સભ્ય સંખ્યાની 50%થી વધુ બુહમતી અને,
  (b) ગૃહમાં તે વિધેયકની પ્રક્રિયા દરમિયાન હાજર રહી અને મતદાન કરતા ઓછામાં ઓછા 2/3 સભ્યોનું સમર્થન. આ બંને શરતો પૂર્ણ થવી જોઈએ.
- આ પ્રકારના સુધારાને બંધારણીય સુધારા ક્રમ પ્રાપ્ત થાય છે.

(3) સંસદની વિશેષ બહુમતી ઉપરાંત અડધાથી વધુ રાજ્યોની વિધાનમંડળના સમર્થન દ્વારા સુધારો :

- જે અંતર્ગત,
  (a) સંસદના જેતે ગૃહની વિશેષ બહુમતી અર્થાત ગૃહના કુલ સભ્યોની બુહમતી સાથે સાથે હાજર અને મતદાન કરતા ઓછામાં ઓછા 2/3 સભ્યોનું સમર્થન અને,
  (b) સંસદના બંને ગૃહોમાંથી પસાર થયા બાદ ઓછામાં ઓછા અડધા રાજ્યોની વિધાનમંડળ દ્વારા તે ખરડા અંગેનો પ્રસ્તાવ પસાર કરી સમર્થન આપવું.આ બંને શરતો પૂર્ણ થવી જોઈએ.
- આ પ્રકારના સુધારાને બંધારણીય સુધારા ક્રમ પ્રાપ્ત થાય છે.
- ઉદા. GST આ પ્રક્રિયા દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**અનુચ્છેદ-368(1)** : માં સ્પષ્ટ કરવામાં આવ્યું કે સંસદ અનુચ્છેદ-368 અંતર્ગત બંધારણની કોઈ જોગવાઈમાં સુધારો, પરિવર્તન કે રદ કરી શકે છે.

**અનુચ્છેદ-368(2)** : માં સ્પષ્ટ કરવામાં આવ્યું કે અનુચ્છેદ-368 અંતર્ગત બંધારણીય સુધારાને માન્યતા આપવા રાષ્ટ્રપતિ બાધ્ય છે.

**અનુચ્છેદ-368(3)** : માં સ્પષ્ટ કરવામાં આવ્યું કે અનુચ્છેદ-13 (મૂળભૂત અધિકારોને અસંગત કે તેનું લઘુકરણ કરતા કાયદાઓ)ની કોઈ બાબત આ અનુચ્છેદ અંતર્ગતના કોઈ સુધારા પર લાગુ નહીં પડે.

## સંસદના ગૃહોમાં 124મો બંધારણીય સુધારા પ્રસ્તાવ પસાર

### લોકસભામાં

- 'બંધારણીય (124મા) સુધારા વિધેયક, 2019' નામનું આ બિલ 8 જાન્યુઆરી, 2019ના રોજ લોકસભામાં 323 વિરુદ્ધ 3 મતોની બહુમતી દ્વારા પસાર થયું છે.
- લોકસભામાં આ બિલ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી શ્રી થાવરચંદ ગેહલોત દ્વારા રજૂ કરવામાં આવ્યું હોવાથી સરકારી ખરડો કહેવાય.

**નોંધ :** લોકસભાના કુલ સભ્યોની 50%થી વધુ બહુમતી 273 કે તેથી વધુ છે.

- આ ખરડો લોકસભામાં વિશેષ બહુમતી દ્વારા પસાર થયો એટલે કે,
  (a) લોકસભાના કુલ સભ્યોની 50%થી વધુ બહુમતી 273 છે જ્યારે મત 323 મળ્યા છે
  (B) ખરડાની પ્રક્રિયા દરમિયાન હાજર રહી મતદાન કરતા એટલે કે,
  (હાજર રહી મતદાન કરતા સભ્યો 326) x 2/3 = 217 છે જ્યારે મત 323 છે.

  આમ 323 સભ્યોનું સમર્થન એ લોકસભાના કુલ સભ્યોની 50%થી વધુ બહુમતી 273 અને હાજર રહી મતદાન કરતા સભ્યોની 2/3 બહુમતી 217 કરતાં વધુ છે.

### રાજ્યસભામાં

- લોકસભામાં બિલ પસાર થયા બાદ આ બિલ રાજ્યસભામાં મોકલવામાં આવ્યું.
- 9 જાન્યુઆરી, 2019ના રોજ રાજ્યસભામાં આ બિલ 165 વિરુદ્ધ 7 મતથી પસાર થયું હતું.
- આ ખરડો રાજ્યસભામાં વિશેષ બહુમતી દ્વારા પસાર થયો એટલે કે,
  (a) રાજ્યસભાના કુલ સભ્યોની 50%થી વધુ બહુમતી 123 છે. જ્યારે મત 165 મળ્યા છે.
  (b) ખરડાની પ્રક્રિયા દરમિયાન હાજર રહી મતદાન કરતા 2/3 સભ્યોનું સમર્થન. એટલે કે,
  (હાજર રહી મતદાન કરતા સભ્યો 172) x 2/3 = 114 છે જ્યારે મત 165 છે.

### રાષ્ટ્રપતિ

- બિનઅનામત વર્ગના આર્થિક પછાતને શૈક્ષણિક અને સરકારી નોકરીઓમાં વધુમાં વધુ 10 ટકા અનામત આપવા અંગેના 'બંધારણીય (124મા) સુધારા વિધેયક, 2019' પર 12 જાન્યુઆરી, 2019ના રોજ રાષ્ટ્રપતિ એ હસ્તાક્ષર કરી મંજૂરી આપી છે.
- આ અધિનિયમ કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચિત તારીખ 14 જાન્યુઆરી, 2019થી અમલમાં રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું આ અધિનિયમને ન્યાયાલયમાં પડકારી શકાય ?

- બંધારણની એવી તમામ જોગવાઈ જે બંધારણની મૂળ સંરચનાને અસર કરે તે તમામનું ન્યાયિક પુનરાવલોકન થઈ શકે છે.
- ઈ.સ. 1973ના 'કેશવાનંદ ભારતી વિરૂદ્ધ કેરળ રાજ્ય' કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયે ચૂકાદો આપ્યો કે 24 એપ્રિલ, 1973 બાદ સંસદ દ્વારા કરવામાં આવતા એવા તમામ બંધારણીય સુધારાનું ન્યાયિક પુનરાવલોકન થઈ શકશે જે બંધારણની મૂળ સંરચના વિરૂદ્ધ હોય.
- ઈ.સ. 1980માં મિનરવા મિલ્સ કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયે સંસદની બંધારણમાં સુધારો કરવાની સત્તા સિમિત કરી અને 'ન્યાયિક પુનરાવલોકન'ને પણ બંધારણની મૂળ સંરચનાનું લક્ષણ જણાવ્યું. અને એ પણ સ્પષ્ટ કર્યું કે બંધારણમાં સુધારો કરવાની સંસદની સિમિત શક્તિ પણ બંધારણની મૂળ સંરચનાનો જ હિસ્સો છે.

## અનામતની ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

- ઈ.સ. 1990માં મંડલ કમિશનની ભલામણના આધારે વી. પી. સિંહની સરકારે સરકારી નોકરીઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને 27% અનામત આપી હતી.
- ઈ.સ. 1991માં પી. વી. નરસિંહ રાવની સરકારે આર્થિક રીતે પછાત સવર્ણોને 10% અનામત આપવાનું આપ્યું હતું.
- પરંતુ ઈ.સ. 1992માં ઈન્દિરા સાહની વિરૂદ્ધ ભારત સંઘ કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયની 8 જજોની ખંડપીઠે આર્થિક રીતે પછાત વર્ગો માટેની આ અનામતને રદ કરી ગેરબંધારણીય સુચવી.
- ઉપરાંત સ્પષ્ટ કર્યું કે અનામત 50 ટકાથી વધુ આપી શકાય નહીં પરંતુ અમુક વિશેષ સ્થિતિઓમાં રાજ્ય 50 ટકાથી વધુ અનામત આપી શકે છે.
  તેથી તમિલનાડુ રાજય સરકારે વિશેષ સ્થિતિઓમાં 50%થી વધુ એટલે કે 69% અનામતની જોગવાઈ કરી છે.

## સરકારના આ નિર્ણયને સુપ્રીમમાં પડકાર

સામાન્ય વર્ગના આર્થિક રીતે પછાત લોકોને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં 10 ટકા અનામત આપવાના આ બંધારણીય સુધારા વિધેયકને 10 જાન્યુઆરી, 2019ના રોજ સુપ્રીમ કોર્ટમાં પડકારાયો હતો.

- 'યુથ ફોર ઈક્વાલિટી' નામના NGOના શ્રી કૌશલકાન્ત મિશ્રાએ આ અરજી દાખલ કરી છે.

## બિનઅનામત વર્ગોને અનામત આપનાર ગુજરાત ભારતનું પ્રથમ રાજ્ય

- તાજેતરમાં કેન્દ્ર સરકારે આર્થિક રીતે નબળા વર્ગોને 10% અનામત આપવા માટેનું બિલ બંને ગૃહમાંથી પસાર કરવામાં આવ્યું.
- કેન્દ્ર સરકારના આ નિર્ણયને બહાલી આપવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં 10% અનામત લાગુ કરવાની જાહેરાત કરી.
- આ સાથે જ ગુજરાત આર્થિક રીતે નબળા વર્ગોને અનામત આપનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.

## આ જાહેરાતનો અમલ ક્યારથી થશે ?

- 14 જાન્યુઆરી, 2019થી ગુજરાતમાં તેનો અમલ થશે એટલે કે મકરસંક્રાંતિથી અમલ થશે.

## ગુજરાતમાં અનામતની નવી સ્થિતિ :

- સરકારી નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ દરમિયાન અનામતનો લાભ મેળવી શકાશે.
- અત્યાર સુધી ગુજરાતમાં એસ. સી., એસ.ટી. અને અન્ય પછાત વર્ગોને કુલ 49.5% અનામતની વ્યવસ્થા હતી.
- હવે આ 49.5% સિવાય વધારાના 10% અનામતનો લાભ બિન અનામત વર્ગના લોકોને મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### 30 નવી 108 એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ

તાજેતરમાં 7 જાન્યુઆરી, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાતના **ગાંધીનગર** ખાતેથી **30** નવી **'108 એમ્બ્યુલન્સ વાન'**નું લોકાર્પણ કરાવ્યું છે.

### 21મી રાષ્ટ્રકથા શિબિર

તાજેતરમાં ગુજરાતમાં **રાજકોટ** જિલ્લાના **ઉપલેટા** તાલુકાના પ્રાંસલા ખાતે **21મી રાષ્ટ્રકથા શિબિરનું** આયોજન થયું હતું. **'નવા ભારતના નિર્માણ'** અર્થે યોજાયેલી આ શિબિરમાં ભારતભરના અનેક રાજ્યોના હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્ર ભક્તિની પ્રેરણા આપવામાં આવી હતી. **શ્રી સ્વામી ધર્મબંધુજી** પ્રેરિત **વૈદિક મિશન ટ્રસ્ટ** દ્વારા **દર વર્ષે** આ શિબિરનું આયોજન કરવામાં આવે છે.

## ભારત

### ઓડિશામાં મેલેરિયાના કેસોમાં 80% ઘટાડો

ભારતમાં **મેલેરિયા**ના કુલ કેસોમાંથી **ત્રીજા ભાગ**ના કેસો **ઓડિશા**માં નોંધાય છે. ઓડિશામાં મેલેરિયા સ્થાનિક રોગ છે. જેમાં તાજેતરમાં **80 ટકા**નો ઘટાડો થયો છે.

### અરૂણાચલ પ્રદેશની અનુસૂચિત જનજાતિની યાદીમાં સુધારાને મંજૂરી

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં **અરૂણાચલ પ્રદેશ**ની **અનુસૂચિત જનજાતિની યાદી**માં સુધારાને મંજૂરી આપી દીધી છે. હવે આ અંગેનું બિલ સંસદમાં પસાર કરવામાં આવશે. જેમાં નોકતે, તંગ્સા, તુત્સા અને વાંચો જાતિઓને અરૂણાચલ પ્રદેશની અનુસૂચિત જનજાતિમાં શામેલ કરવામાં આવશે.

### નવી દિલ્હી ખાતે વિશ્વ પુસ્તક મેળાનું આયોજન

તાજેતરમાં ભારતમાં **નવી દિલ્હી** ખાતે **'વિશ્વ પુસ્તક મેળા'**નું આયોજન કરવામાં આવ્યું છે. ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રી **શ્રી પ્રકાશ જાવડેકર** દ્વારા 5 જાન્યુઆરી, 2019ના રોજ તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે. **સંયુક્ત આરબ અમિરાત**ના ત્રીજા સૌથી મોટા અમિરાત **શારજાહ** આ પુસ્તક મેળાના **'ગેસ્ટ ઓફ ઓનર'** હશે. આ પુસ્તક મેળાની થીમ **'વિશેષ આવશ્યક્તાવાળા વાચકો'** છે.

## a અટલ સોલાર કૃષિ પંપ યોજના

મહારાષ્ટ્ર સરકારે અટલ સોલાર કૃષિ પંપ યોજનામાં શામેલ થનાર ખેડૂતોને LED બલ્બ, એક DC ફેન અને એક મોબાઈલ ચાર્જિંગ સોકેટ મફત આપવાની જાહેરાત કરી છે. મહારાષ્ટ્રમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા તથા વીજ બિલથી થતું નુકસાન ઘટાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

## a ન્યૂનતમ ટેકાના ભાવ (Minimum Support Prices)

મિનિમમ સપોર્ટ પ્રાઈઝ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં 17 નવી લઘુવન પેદાશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ 17 લઘુવન પેદાશોમાં સૂકા મહુડાના ફૂલ, સૂકા તેજપત્તા અને સૂકા કોકમ વગેરેનો સમાવેશ થયો છે.

## a IRRIના સાઉથ એશિયા રિજનલ સેન્ટરનો વારાણસીમાં પ્રારંભ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ IRRI (એટલે કે ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ સેન્ટર)ના સાઉથ એશિયા રિજનલ સેન્ટરનું ઉત્તરપ્રદેશના વારાણસી ખાતેથી લોકાર્પણ કરાવ્યું છે. ચોખાના સંશોધન માટે દક્ષિણ એશિયામાં આ સેન્ટર હબ બની રહેશે. આ સેન્ટરથી ભારતમાં ચોખાના ઉત્પાદનમાં વધારો થશે. આ સેન્ટર IRRIનું દક્ષિણ એશિયાનું છઠ્ઠું રિજનલ સેન્ટર છે.

## a મિશન ઈન્દ્રધનુષ

ભારત સરકારની 'મિશન ઈન્દ્રધનુષ' યોજનાનો વિશ્વની સૌથી શ્રેષ્ઠ 12 યોજનાઓમાં સમાવેશ થયો છે. ભારત સરકારની આ યોજનાનું અંતિમ લક્ષ્ય બે વર્ષ સુધીના તમામ બાળકો અને તમામ ગર્ભવતી મહિલાઓને ઉપલબ્ધ તમામ રસી આપીને સંપૂર્ણ રોગપ્રતિકારકતા હાંસલ કરવાનું છે.

## a Asia Competitiveness Institute EDB INDEX 2018

તાજેતરમાં સિંગાપોરની એશિયા કોમ્પિટિટિવનેસ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર થયેલા વર્ષ 2018ના Ease of Doing Business (EDB) Indexના ABC Rankingમાં ભારતના 21 રાજ્યોમાં આંધ્રપ્રદેશ પ્રથમ ક્રમે છે. ત્યારબાદ મહારાષ્ટ્ર બીજા અને દિલ્હી ત્રીજા ક્રમે છે.

## a કેરળમાં હડતાલ માટે સાત દિવસ પહેલા નોટિસ આપવી અનિવાર્ય

તાજેતરમાં કેરળ હાઈકોર્ટે આપેલા આદેશ અનુસાર કેરળમાં હવે રાજકીય પક્ષોએ હડતાલ આપતા પહેલા સાત દિવસ પહેલા નોટિસ આપવી પડશે. કેરળના અર્થતંત્રનો મોટો આધાર પર્યટન પર છે. આથી વારંવાર થતી હડતાલથી કેરળના અર્થતંત્રને નુકસાન ન થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## a ભારતીય હોકી ટીમના કોચની હકાલપટ્ટી

તાજેતરમાં ભારતમાં હોકી ઈન્ડિયા દ્વારા ભારતીય હોકી ટીમના કોચ શ્રી હરેન્દ્ર સિંઘને ભારતીય હોકી ટીમના કોચ પદેથી હટાવી દીધા છે. તાજેતરમાં યોજાયેલા હોકી વર્લ્ડ કપમાં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યું ન હતું આથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# વિશ્વ

## a મેક્સિકો દીવાલ

અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** **અમેરિકા-મેક્સિકો** વચ્ચે **દીવાલ** બાંધવા માટે અમેરિકાની સંસદ સમક્ષ મૂકેલો આશરે **5.6 અબજ ડોલર**નો પ્રસ્તાવ અમેરિકન સંસદે ન સ્વીકારતા આ અંગે અમેરિકામાં વિવાદ થયો છે. અમેરિકા–મેક્સિકોની આશરે 3218 કિમી લાંબી સરહદેથી હ્યુમન ટ્રાફિકિંગ, ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદે ઈમિગ્રેશન અટકાવવા માટે આ દીવાલ બનાવવાનો નિર્ણય લેવાયો છે.

## a પાકિસ્તાનનું હિંદુ ધર્મ સ્થળ પંજ તીરથ

**પાકિસ્તાન**ના **પેશાવર** ખાતે આવેલા **હિંદુ** ધર્મ સ્થળ **પંજ તીરથ**ને તાજેતરમાં પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતની સરકારે **રાષ્ટ્રીય ધરોહર** જાહેર કર્યું છે. આથી હવે જો કોઈ પંજ તીરથને ક્ષતિ પહોંચાડે તો તેને પાંચ વર્ષ સુધીની જેલ થઈ શકશે. એક હિંદુ ધર્મ સ્થળનો **પાકિસ્તાનની** રાષ્ટ્રીય ધરોહરમાં સમાવેશ થયો હોવાથી **પંજ તીરથ** હાલ ચર્ચામાં છે.

## a પૃથ્વી કરતા ત્રણ ગણા મોટા ગ્રહની શોધ

નાસા દ્વારા તાજેતરમાં **પૃથ્વી કરતા ત્રણ ગણા મોટા ગ્રહ**ની શોધ કરવામાં આવી છે. આ નવા ગ્રહનું નામ **HD 21749b** છે. નાસાના નવા સ્પેશ ટેલિસ્કોપ **TESS** દ્વારા આ નવા ગ્રહની શોધ કરવામાં આવી છે.

## a અમેરિકા ICCનો 105મો સભ્ય દેશ બન્યો

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે (ICC)એ તાજેતરમાં અમેરિકન ક્રિકેટને ICCના સભ્ય પદ માટે માન્યતા આપી દીધી છે. આ સાથે જ **અમેરિકા** ICCનો **105મો** સભ્ય દેશ બની ગયો છે.


બુલંદ ઈરાદાઓ અને અખંડ તપશ્ચર્યાને સાબિત કરવાનો સમય...

GPSC 1/2 MOCK TEST SERIES (મુખ્ય પરિક્ષા)

| તારીખ | પેપર | વિષય |
| --- | --- | --- |
| 26 JAN-19 શનિવાર | PAPER - 1 | GS PAPER - 1, GS PAPER - 2 |
| 27 JAN-19 રવિવાર | PAPER - 2 | GS PAPER - 3, Essay |
| 28 JAN-19 સોમવાર | PAPER - 3 | ગુજરાતી |
| 29 JAN-19 મંગળવાર | PAPER - 4 | ENGLISH |
| 30 JAN-19 બુધવાર | PAPER - 5 | GS PAPER - 1 |
| 31 JAN-19 ગુરૂવાર | PAPER - 6 | GS PAPER - 2 |
| 01 FEB-19 શુક્રવાર | PAPER - 7 | GS PAPER - 3 |
| 02 FEB-19 શનિવાર | PAPER - 8 | ગુજરાતી, ENGLISH |
| 03 FEB-19 રવિવાર | PAPER - 9 | Essay, કંરટ અફેર્સ (સ્પે.) |

## ICE Questions

- તાજેતરમાં જાન્યુઆરી, 2019માં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેટલી નવી 108 એમ્બ્યુલન્સ વાન લોકાર્પણ કરી છે ? – 30
- 21મી રાષ્ટ્રકથા શિબિરનું આયોજન ગુજરાતમાં કયા સ્થળે કરવામાં આવ્યું હતું ? – પ્રાંસલા ખાતે (તા. ઉપલેટા, જિ. રાજકોટ)
- રાષ્ટ્રકથા શિબિરનું આયોજન કોના દ્વારા કરવામાં આવે છે ? – વૈદિક મિશન ટ્રસ્ટ
- તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં મેલેરિયાના કેસોમાં 80% ઘટાડો નોંધાયો છે ? – ઓડિશા
- તાજેતરમાં સંસદમાં રજુ થયેલા બિલ અનુસાર અરૂણાચલ પ્રદેશની કઈ કઈ જાતિઓનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવશે ? – નોકતે, તંગ્સા, તુત્સા અને વાંચો
- 5 જાન્યુઆરી, 2019ના રોજ 'વિશ્વ પુસ્તક મેળાનું' આયોજન કયાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી
- તાજેતરમાં જાન્યુઆરી, 2019ના રોજ આયોજીત વિશ્વ પુસ્તક મેળાનું ઉદ્દઘાટન કોણે કર્યું હતું ? – શ્રી પ્રકાશ જાવડેકર
- વર્તમાનમાં ભારતના માનવ સંશાધન વિકાસ મંત્રી કોણ છે ? – શ્રી પ્રકાશ જાવડેકર
- તાજેતરમાં આયોજીત વિશ્વ પુસ્તક મેળાના 'ગેસ્ટ ઓફ ઓનર' કોણ હતા ? – UAEના શારજાહ
- તાજેતરમાં કયા રાજ્ય દ્વારા અટલ સોલાર કૃષિ પંપ યોજના શરૂ કરવામાં આવી છે ? – મહારાષ્ટ્ર
- IRRIનું પૂરું નામ શું છે ? – ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ સેન્ટર
- તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કયા સ્થળે IRRIના સાઉથ એશિયા રિજનલ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું ? – વારાણસી, ઉત્તરપ્રદેશ
- તાજેતરમાં ભારત સરકારની કઈ યોજનાનો વિશ્વની સૌથી શ્રેષ્ઠ 12 યોજનાઓમાં સમાવેશ થયો છે ? – મિશન ઈન્દ્ર ધનુષ
- તાજેતરમાં સિંગાપોરની એશિયા કોમ્પિટિટિવનેસ ઈન્સ્ટિટયૂટ દ્વારા જાહેર થયેલા વર્ષ 2018ના Ease of Doing Business (EDB) Index માં ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે આવ્યું ? – આંધ્રપ્રદેશ
- તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે કઈ સરહદ પર દીવાલ બાંધવાનો પ્રસ્તાવ અમેરિકન સંસદમાં રજૂ કર્યો હતો ? – અમેરિકા–મેક્સિકો
- હાલમાં કયા હિન્દુ ધર્મ સ્થળનો પાકિસ્તાનની રાષ્ટ્રીય ધરોહરમાં સમાવેશ કરવામાં આવ્યો ? – પંજ તીરથ
- તાજેતરમાં નાસા દ્વારા શોધવામાં આવેલ પૃથ્વી કરતા ત્રણ ગણા મોટા ગ્રહનું નામ શું છે ? – HD21749b
- તાજેતરમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા કયા દેશને ICCના 105મા સભ્ય દેશ માટે માન્યતા આપી ? – અમેરિકા

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

**FACEBOOK**
**icerajkot**

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

**(t.me / icerajkotofficial)**

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.

**નોંધ :** **કેન્દ્ર સરકાર અને રાજય સરકારો આર્થિક રીતે પછાત વર્ગોના સમાવેશ અને માપદંડ અંગેનું સૂચનાપત્ર આગામી સમયમાં જાહેર કરશે.**

## નવા 10 ટકા અનામતનો લાભ કોને મળશે ?

આ અનામતનો લાભ અત્યારે જેને અનામતનો લાભ મળતો નથી તેવા બ્રાહ્મણ, રાજપૂત, ઠાકુર, જાટ, મરાઠા, ભૂમિહાર, કાપુ, કમ્મા, પટેલ, જૈન, વૈષ્ણવ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, પારસી સહિતના બિન અનામત કેટેગરીમાં આવતા તમામ સમુદાયોના આર્થિક રીતે નબળા ઉમેદવારોને આ અનામતનો લાભ મળશે.

## અનામતનો લાભ લેવા માટેની શરતો

આ અનામતનો લાભ લેવા માટેની ચોક્કસ શરતો હવે પછી જાહેર થશે.

- અત્યારના અહેવાલો પ્રમાણે આ અનામતનો લાભ લેવા માટે નીચેની શરતોનો સમાવેશ થવાની શકયતા છે.

(1) જેમને અત્યાર સુધી કોઈપણ પ્રકારની અનામતનો લાભ મળ્યો ન હોય.

(2) જેમની વાર્ષિક આવક રૂપિયા આઠ લાખથી વધુ ન હોય. (આ વાર્ષિક આવકની અંતિમ મર્યાદા કેટલી રાખવી તેનો નિર્ણય રાજ્ય સરકાર કરશે.)

(3) જેમની પાસે રૂપિયા પાંચ લાખથી ઓછા મૂલ્યની ખેતીની જમીન હોય.

(4) જેમની પાસે 1000 ચોરસ ફૂટથી નાનું માલિકીનું મકાન હોય.

(5) જેમની પાસે નિગમની 109 ગજથી ઓછી સંપાદિત જમીન હોય.

(6) જેમની પાસે 209 ગજથી ઓછી નિગમની બિનસંપાદિત જમીન હોય.

**ખાસ નોંધ :** **આ ટોપીકના પ્રશ્નો આવતા WEEK-3માં પ્રસિદ્ધ કરવામાં આવશે**